અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ માર્ચ ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૩ | અંક : ૨૩૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સુપ્રીમ કોર્ટનો અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો

# બિઝનેસ લોન લેનારા લોકો બેંક વિરુદ્ધ ગ્રાહક પંચમાં ફરિયાદ ન કરી શકે

## બેન્કમાંથી બિઝનેસ લોન લેનારી સંસ્થા ગ્રાહક નહીં પણ લાભાર્થી કહેવાશે અને તે ગ્રાહક કહેવાશે નહીં : અધિનિયમ ૧૯૮૬ અંતર્ગત કન્ઝ્યૂમર ફોરમમાં જઈ શકે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્ત્વના ચુકાદામાં કહ્યું કે, જે સંસ્થાઓએ લાભ કમાવવા માટે બેન્કોમાંથી બિઝનેસ લોન લીધી છે, તેઓ ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ અંતર્ગત ગ્રાહક તરીકે બેન્ક વિરુદ્ધ કન્ઝ્યૂમર ફોરમમાં જઈ શકે નહીં.

સેન્ટ્રલ બેન્ક ઓફ ઈંડિયા વિરુદ્ધ એડ બ્યૂરો એડવરટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના વિવાદની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, બેન્કમાંથી બિઝનેસ લોન લેનારી સંસ્થા ગ્રાહક નહીં પણ લાભાર્થી કહેવાશે અને તે ગ્રાહક કહેવાશે નહીં. એટલા માટે આવી સંસ્થાઓ ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ અંતર્ગત કન્ઝ્યૂમર ફોરમમાં જઈ શકે નહીં. બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, જસ્ટિસ સુધાંશુ ધૂલિયા અને જસ્ટિસ પ્રાશંત કુમાર મિશ્રાની પીઠે કહ્યું કે, અમે એવા તારણ પર પહોંચ્યા છીએ કે, આ મામલામાં પ્રતિવાદી એડ બ્યૂરો એડવરટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડને ગ્રાહક કહી શકાય નહીં. કારણ કે તેણે બેન્કમાંથી પ્રોજેક્ટ લોન લઈને લાભ લીદો છે અને તેની ગતિવિધિઓ આ લેવડ દેવડમાં લાભ કમાવાની રહી છે. કોર્ટે કહ્યું કે, વાસ્તવિક રીતે આ પ્રોજેક્ટ લોન દ્વારા કંપનીનો ઉદ્દેશ્ય કોચાઈદયાં



ફિલ્મને સફળ પોસ્ટ પ્રોડક્શન પર લાભ કમાવાનો હતો.

હકીકતમાં જોઈએ તો, ૨૦૧૪માં સેન્ટ્રલ બેન્ક ઓફ ઈંડિયાએ એડ બ્યૂરો એડવરટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડને ૧૦ કરોડ રુપિયાની પ્રોજેક્ટ લોન આપી હતી. આ લોન ખ્યાતનામ અભિનેતા રજિકાંત અભિનયવાળી ફિલ્મ કોચાઈદયાના પોસ્ટ પ્રોડક્શન માટે હતી. જેના બદલામાં એક સંપત્તિને ગિરવે રાખવામાં આવી હતી. બાદમાં કંપની સમય પર લોન ચુકવી શકી નહીં, તેના કારણે બેન્કે ૨૦૧૫માં કંપનીના લોન ખાતાને NPA ઘોષિત કરી દીધું. ત્યારબાદ બેંકે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (SARFAESI) એક્ટ અને રિકવરી ઓફ ડેટ્સ ડ્યુ ટુ બેંક્સ એન્ડ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સ (RDDBFI) એક્ટ હેઠળ વસૂલાતની કાર્યવાહી શરૂ કરી અને આખરે કંપની સાથે રૂ. ૩.૫૬ કરોડનું એક વખતનું સમાધાન થયું.

આ સમાધાન બાદ, બેન્કે ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરો ઓફ ઈંડિયા લિમિટેડને મેસર્સ એડ બ્યૂરોને ખોટી રીતે ડિફોલ્ટર તરીકે રિપોર્ટ કર્યું, જેનાથી કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું અને નાણાકીય નુકસાન પણ થયું. આ કારણે, કંપની એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાથેની જાહેરાત ટેન્ડર હારી ગઈ કારણ કે કંપની ડિફોલ્ટર હોવાથી બેંક ગેરંટી રજૂ કરી શકી ન હતી.

આનાથી નારાજ થઈને, એડ બ્યુરો એડવર્ટાઇઝિંગ પ્રાઈવેટ લિમિટેડે રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ આયોગમાં ફરિયાદ નોંધાવી, જેમાં બેંક દ્વારા સેવામાં ખામી અને અન્યાયી વેપાર પ્રથાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજના તેના આદેશમાં, ગ્રાહક ફોરમે કંપનીની તરફેણમાં ચુકાદો આપ્યો, બેંકને ૭૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા, નો-ડ્યુઝ સર્ટિફિકેટ જારી કરવા અને CIBIL ને તેની રિપોર્ટિંગ સુધારવાનો નિર્દેશ આપ્યો હતો. બેંકને મુકદમા ખર્ચ તરીકે ૨૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો. બેંકે આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો, એવી દલીલ કરી કે જાહેરાત બ્યુરો ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ 'ગ્રાહક' ની શ્રેણીમાં આવતા નથી કારણ કે લોન વાણિજ્યિક હેતુ માટે લેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ દલીલ સ્વીકારી અને કહ્યું કે કંપની લાભાર્થી છે, ગ્રાહક નહીં. તેથી તેને ગ્રાહક ફોરમમાં જવાનો કોઈ અધિકાર નથી.

### મણિપુર મુદ્દે દિલ્હીમાં હાઇલેવલ મીટિંગ

# મણિપુરને નશા મુક્ત બનાવવા નશાના નેટવર્કને ધ્વસ્ત કરો : શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મણિપુરમાં શાંતિ અને સુરક્ષાની સ્થિતિ મુદ્દે દિલ્હીમાં હાઈલેવલ બેઠક યોજી હતી, જેમાં મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા, CRPFના DG જી.પી.સિંહ સહિત SSB અને NSG ના DG પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં શાહે આદેશ આપ્યો છે કે, રાજ્યમાં બળજબરીથી વસૂલાતના તમામ કેસોમાં કડક કાર્યવાહી યથાવત્ રાખવામાં આવે. આ ઉપરાંત મણિપુર પાસેની તમામ આંતરરાષ્ટ્રીય સરહદ પરના જે પ્રવેશદ્વાર નક્કી કરાયા છે, તેની બંને તરફ ફેન્સીંગ કરવામાં આવે. તેમજ રાજ્યને નશા મુક્ત બનાવવા માટે નશાના વેપારમાં સામેલ તમામ નેટવર્કને ધ્વસ્ત કરવામાં આવે. શાહે હાઈલેવલ બેઠકમાં અધિકારીઓને આદેશ આપ્યા છે કે, આઠ માર્ચથી મણિપુરના તમામ રસ્તાઓ પર પ્રજા સરળતાથી આવી-જઈ શકે, તે માટે યોગ્ય પગલા ભરવામાં આવે. જો કોઈ રસ્તામાં અડચણો ઉભી કરે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે. સૂત્રોના જણાવ્યા મુજબ શાહે અશાંત રાજ્યમાં સામાન્ય સ્થિતિ ઉભી કરવા પર તેમજ વિવિધ ગ્રૂપોએ લૂંટેલા હથિયારો



પોલીસને પરત કરવાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રીય કર્યું છે. મણિપુરના મુખ્યમંત્રી રહેલા એન.બીરેન સિંહે તાજેતરમાં રાજીનામું આપી દીધું છે, ત્યારબાદ કોઈપણ પાર્ટી સરકાર બનાવવામાં માટે આવી નથી, જેના કારણે કેન્દ્ર સરકારે રાજ્યમાં ૧૩ ફેબ્રુઆરીથી રાષ્ટ્રપતિ શાસન લાદી દીધું છે. રાષ્ટ્રપતિ શાસન લાદ્યા બાદ આવી પ્રથમ બેક યોજાઈ છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ૨૦૨૩માં ઈમ્ફાલમાં મૈતેઈ અને આસપાસના પહાળોમાં રહેતા કુકી સમાજ વચ્ચે હિંસા થઈ હતી, ત્યારથી અત્યાર સુધીમાં ૨૫૦ લોકોના મોત થયા છે, જ્યારે હજારો લોકો ઘર છોડવા મજબૂત થયા છે.

## કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

બજેટના દિવસે જે રાહત મળી હતી તે હવે છીનવાઈ ગઈ છે. નવા ભાવ મુજબ ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. આજથી દિલ્હીથી કોલકાતા સુધી કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬ રુપિયાનો વધારો કરી દેવાયો છે. જોકે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના માર્ચ મહિનાનો પ્રાઈઝ ટ્રેન્ડ જોવામાં આવે તો છેલ્લા પાંચ વર્ષોમાં ૧ માર્ચે થનાર આ સૌથી ઓછો વધારો છે. ઈન્ડિયન ઓઈલના પોર્ટલ પર જાહેર આંકડા મુજબ માર્ચ મહિનામાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સૌથી વધુ વધારો ૨૦૨૩માં કરાયો હતો જ્યારે એક જ ઝાટકે પ્રતિ સિલિન્ડર ૩૫૨ રૂપિયાનો વધારો ઝીંકી દેવાયો હતો.

### દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં મેચ રમાશે

# ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રવિવારે મહામુકાબલો થશે

। (એજન્સી) દુબઈ, તા.૧ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આવતીકાલે એટલે કે રવિવારે મહામુકાબલો થશે. બંને દેશો વચ્ચેનો આ મહામુકાબલો ભારતીય સમય પ્રમાણે બપોરે ૨:૩૦ વાગ્યે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ન્યૂઝીલેન્ડ સામેની આ મેચમાં તમામની નજર વિરાટ કોહલી પર રહેશે. પાકિસ્તાન સામેની છેલ્લી મેચમાં વિરાટ કોહલીએ શાનદાર સદી ફટકારીને ભારતને યાદગાર જીત અપાવી હતી. વિરાટ કોહલીએ વનડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૫૧ સદી અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ ૮૨ સદી પૂરી કરી છે. વિરાટ કોહલીએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૨૭,૫૦૩ રન પૂરા કર્યા છે. ન્યૂઝીલેન્ડને સૌથી મોટો ખતરો વિરાટ કોહલીથી હશે. ન્યૂઝીલેન્ડ સામેની ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ વિરાટ કોહલી માટે ખૂબ જ ખાસ રહેશે કારણ કે તે તેના વનડે કરિયરની ૩૦૦મી મેચ હશે. આ મેચમાં વિરાટ કોહલી ૬ મહારેકોર્ડ તોડી શકે છે. વિરાટ કોહલી અત્યાર સુધીમાં ૨૯૯ વનડે મેચમાં ૧૪૦૮૫ રન બનાવી ચૂક્યો છે. જો વિરાટ કોહલી રવિવારે



ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ૧૫૦ રન બનાવવામાં સફળ રહે તો તે શ્રીલંકાના મહાન બેટ્સમેન કુમાર સંગાકારાના મહારેકોર્ડને તોડી નાખશે. આવી સ્થિતિમાં વિરાટ કોહલી વનડે ઈન્ટરનેશનલમાં બીજા ક્રમનો સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની જશે. કુમાર સંગાકારાએ પોતાના ૧૫ વર્ષના લાંબા વનડે કરિયર દરમિયાન શ્રીલંકા અને ICC માટે ૪૦૪ મેચ રમી અને ૧૪,૨૩૪ રન બનાવ્યા હતા. વિરાટ કોહલી વનડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં મોહમ્મદ અઝહરુદ્દીનનો ૧૫૬ કેચનો રેકોર્ડ તો તોડી ચૂક્યો છે. જો ૩૬ વર્ષીય વિરાટ કોહલી ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ૩ કેચ લેવામાં સફળ થાય તો તે રિકી પોન્ટિંગનો વનડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ક્રિકેટમાં ૧૬૦ કેચનો રેકોર્ડ તોડી નાખશે.

## મહાકુંભથી પાછા આવતા ગુજરાતના ૪ શ્રદ્ધાળુના મોત

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં ઝાંસી-કાનપુર હાઈવે પર એક ગુજરાતી પરિવારને અકસ્માત નડ્યો હતો. કાર અને ટ્રક વચ્ચેની ટક્કરમાં ૪ લોકોના મૃત્યુ નિપજ્યાં છે. મૃતકોમાં ગારિયાધાર અને ભાલવાવના ચાર લોકો સામેલ છે જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત થયો છે. ઈજાગ્રસ્ત યુવતીને ઝાંસીની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. અકસ્માત શુક્રવારે (૨૮મી ફેબ્રુઆરી) સવારે ૪ વાગ્યે થયો હતો. મળતી માહિતી અનુસાર, મૃતકોમાં ગારિયાધારના રૂપાવટીના બિપિનભાઈ અને ભાવનાબેન જ્યારે ભાલવાવના જગદીશભાઈ અને કૈલાશબેનનો સમાવેશ થાય છે. જ્યારે દીકરી ઈજાગ્રસ્ત થતા તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

### બરફ નીચે દટાયેલા ૪૬ શ્રમિકોને બચાવી લેવાયા

# ઉત્તરાખંડ હિમસ્ખલનઃ ચાર શ્રમિકોના મોત, પાંચ હજુ ગુમ

### ઉત્તરાખંડના ચમોલીના માના ગામ નજીક હિમસ્ખલનના કારણે રસ્તાના બાંધકામમાં રોકાયેલા મજૂરો ફસાયા હતા

। (એજન્સી) ચમોલી, તા.૧ ।

ઉત્તરાખંડના ચમોલીના માના ગામ નજીક હિમસ્ખલનના કારણે રસ્તાના બાંધકામમાં રોકાયેલા ૫૫ મજૂરો તેમાં ફસાયા હતા. અત્યાર સુધીમાં બરફ નીચે દટાયેલા ૪૬ શ્રમિકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમાંથી ૪ મૃત્યુ પામ્યા છે. ફસાયેલા ૫ કામદારોની શોધખોળ હજુ પણ ચાલુ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, શનિવારે સવારે ૧૪ અન્ય લોકોને પણ બચાવી લેવામાં આવ્યા હતા, જેમાંથી એકની હાલત ગંભીર છે. આ વિસ્તારમાં રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે, 'સ્થળ પર ૮ કન્ટેનર હતા, જેમાંથી ૫ શોધી કાઢવામાં આવ્યા છે. આજે સવારે બચાવેલા



૧૪ લોકો પણ એક કન્ટેનરમાં હતા. બાકીના ત્રણ કન્ટેનર શોધવા માટે કામગીરી ચાલુ છે.' હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. ચમોલી જિલ્લામાં હિમપ્રપાતનો ભય હજુ પણ યથાવત છે, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે. દરમિયાન વહીવટીતંત્રે લોકોને સલામત સ્થળોએ રહેવાની અપીલ કરી છે અને ઊંચાઈવાળા વિસ્તારોમાં જવાનું ટાળવાની સલાહ આપી છે.

## મહારાષ્ટ્રમાં બર્ડફ્લૂ: હજારો મરઘાના શંકાસ્પદ મોતથી હડકંપ

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્રમાં એક વખત ફરી બર્ડ ફ્લૂનું જોખમ વધતું જઈ રહ્યું છે. ત્યાં કારંજા તાલુકાના ખેડાં (જિરાપુરે) ગામના એક પોલ્ટ્રી ફાર્મમાં ૮,૦૦૦ માંથી ૬,૮૩૧ મરઘીઓના રહસ્યમયી મોત બાદ તંત્ર સતર્ક થઈ ગયું છે. ૨૭ ફેબ્રુઆરીએ આવેલા રિપોર્ટમાં પુષ્ટિ થઈ કે આ મોત બર્ડ ફ્લૂ સંક્રમણના કારણે થયું છે. તે બાદ જિલ્લા તંત્રએ તાત્કાલિક હાઈ એલર્ટ જારી કરી દીધું છે. ૨૦થી ૨૫ ફેબ્રુઆરીની વચ્ચે પોલ્ટ્રી ફાર્મમાં સતત મરઘીઓના મોત થઈ રહ્યાં હતાં. મૃત મરઘીઓના સેમ્પલ અકોલાની પ્રયોગશાળામાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતાં. તે બાદ પૂણે સ્થિત રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુ રોગ સંસ્થા અને ભોપાલની પ્રયોગશાળામાં પણ વિસ્તૃત તપાસ થઈ.



## પોરબંદરને આગામી દિવસમાં મળશે વધુ સારી હવાઈ સુવિધા

। (એજન્સી) પોરબંદર, તા.૧ ।

આગામી દિવસમાં પોરબંદરને વધુ સારી હવાઈ સુવિધા મળશે. પોરબંદર રન વેની લંબાઈ વધારવા માટેની જમીનની માપણી કરવા સરકારે આદેશ આપ્યા હોવાની માહિતી ગૃહમાં અપાઈ છે. પોરબંદર એરપોર્ટના રનવે લંબાઈ ૧૩૦૦ મીટરથી વધારી ૨૬૦૦ મીટર કરવાના એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માસ્ટર પ્લાન મુજબ માપણી કરવા સ્થાનિક તંત્રને દરખાસ્ત મોકલાઈ છે. જમીનની જરૂરી માપણી કાર્યવાહી પૂર્ણ થયા બાદ જમીન મેળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.ટૂંક સમયમાં અંકલેશ્વરમાં હવાઈ સેવા શરૂ થશે. અંકલેશ્વર ખાતે હવાઈ પટ્ટી વિકસાવવા અને સેવાઓ મામલે ગૃહમાં પ્રશ્ન પુછાયો હતો. જેમાં સરકાર તરફથી માહિતી આપવામાં આવી છે કે ફેઝ- ૧ની કામગીરી માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.૩૧.૧૨.૨૦૨૪ ની સ્થિતિએ ફેઝ -૧ હેઠળ રેન વે બાંધકામ, એપ્રન , જમીન સમતળ ની કામગીરી, ટેક્સી વે સહિતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

## કૃષ્ણનગરમાં વોકિંગમાં નિકળેલા વૃદ્ધની ૨.૧૦ લાખની માળાની લૂંટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

કિંમતી ઘરેણાં પહેરી વોકિંગ કરતા લોકો માટે ચેતવણી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા વૃદ્ધ સવારે ચાલવા નિકળ્યા હતા. ત્યારે એક ટુ વ્હીલર પર આવેલ બે શખ્સો વૃદ્ધ પાસે આવ્યા હતા અને ૨.૧૦ લાખની માળાની લૂંટ કરી જતા રહ્યાં હતાં. આ અંગે કૃષ્ણનગર પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ આદરી છે. નોંધનીય છે કે, વિસ્તારમાં આ જ રીતે અગાઉ પણ ચેઈન સ્નેચિંગની ઘટના બની હતી પરંતુ હજુ સુધી આરોપીઓ પોલીસના હાથે લાગ્યા નથી. કૃષ્ણનગર પોલીસ મથક વિસ્તારમાં આવતી કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષિય સુર્યકાંતભાઇ વ્યાસ ૧૪મી ફેબ્રુઆરીના રોજ સવારે સાત વાગ્યાની આસપાસ ઘરેથી રાબેતા મુજબ વોકિંગ કરવા નિકળ્યા હતા. તેઓ આઠ વાગ્યાની આસપાસ સ્વામીનારાયણ મંદિર તરફથી ચાલતા ચાલતા ઘરે આવી રહ્યાં હતાં. ત્યારે એક ટુ વ્હીલર પર બે શખ્સો આવ્યા હતા અને તેમની નજીક જઈ તેમની સોનાની રૂદ્રાક્ષની માળા લૂંટી ભાગ્યા હતા. બન્ને લૂંટારુએ મોઢે રૂમાલ બાંધેલો હોવાથી તેમની ઓળખ થઈ શકી ન હતી. આ ઘટના બાદ વૃદ્ધ ગભરાઈ ગયા હતા. જો કે, આ મામલે તેમના પુત્ર મૌલિક વ્યાસે કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

### લીંક ઓપન કરતા એક ગ્રૂપમાં તેઓ જોડાઇ ગયા હતા । ખાતામાં ૭.૪૭ લાખ બેલેન્સ બતાવ્યું પરંતુ પૈસા વીડ્રો કરવા રૂપિયા ભરાવી ઠગ્યા

# શેરબજારમાં વધુ નફો કમાવવાની લાલચ આપી મહિલાના ૩.૧૦ લાખ પડાવી લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

એરપોર્ટ વિસ્તારમાં શેરબજારમાં વધુ નફો કમાવવાની લાલચ આપી મહિલાના ૩.૧૦ લાખ પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. જેમાં ગઠિયાઓએ મહિલાના શેરબજારના ખાતામાં ૭.૪૭ લાખ બેલેન્સ બતાવ્યું પરંતુ પૈસા વીડ્રો કરવા માટે તબક્કાવાર પૈસા ભરાવી ઠગી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ આદરી છે.

સરદારનગર વિસ્તારમાં ૩૭ વર્ષિય કરીના હુંદલદાસ ખુષાણી પોતાના દીકરા લકી અને માનવ સાથે રહે છે અને ઘર કામ કરે છે. તે પોતાના અંગત વપરાશ માટે બેંક ઓફ બરોડામાં સેવીંગ ખાતું ધરાવે છે અને ઈન્સ્ટાગ્રામ આઈડી ધરાવે છે. ઉપરાંત તે ડિમેટ એકાઉન્ટ બનાવી સ્ટોક માર્કેટમાં ઈન્વેસ્ટ કરે છે. ૧૩ ડિસેમ્બરના રોજ લકી મુરજાની ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતો હતો ત્યારે સ્ટોક માર્કેટમાં ઈન્વેસ્ટ કરી સારો પ્રોફિટ કરવાની રીલ્સની લીંક આવી હતી. તે લીંક ઓપન કરતા એક ગ્રૂપમાં તેઓ જોડાઈ ગયા હતા. જેમાં પાંચ દિવસ સુધી જુદા જુદા શેરની ટીપ્સ આવી હતી. ગ્રૂપમાં એવો મેસેજ આવ્યો હતો કે, તમે SMOCO OTC ખાતું ખોલશો તો ડાયરેક્ટ બીજી કંપની સાથે તેમનું જોડાણ છે અને ટ્રેડિંગ કરી શકશો. જેથી તે કંપનીમાં ખાતુ ખોલવા માટેની પ્રોસેસ લકીએ પૂછી હતી ત્યારે એક લીંક આવી હતી. તેમાં રજિસ્ટર થઈ તે કંપનીમાં તેઓ જોઈન થયા હતા. ત્યારબાદ OTCમાં લીંક દ્વારા ૫૦૦૦ રૂપિયા બેંક ખાતામાંથી કરીનાએ ઈન્વેસ્ટ કરવા માટે નાખ્યા હતા. પછી ૧૪ જાન્યુઆરીના રોજ લક્ષ્મી ડેટલનો આઈપીઓ આવ્યો હતો તે ભરતા તેમાં ૩૩૦ શેર લાગ્યાનો મેસેજ આવ્યો હતો. પછી કંપનીમાંથી મેસેજ આવ્યો હતો ૩૩૦ શેર લાગ્યા છે અને તમારા ખાતામાં ૫ હજાર જ છે. તેથી વેચવા માટે બીજા ૪૫ હજારની જરૂર છે તે તમને લોન તરીકે અમે આપીએ છીએ તે તમારે ભરવા પડશે પછી જ શેર વેચી શકાશે. જેથી તબક્કાવાર બીજા ૪૫ હજાર રૂપિયા કરીનાએ ભરી દીધા હતા.

પછી શરે વેચવા માટે કહેતા સામેવાળા વ્યક્તિએ કહ્યું હતું કે, ૯૬૦૦ શેર લાગ્યા છે તેથી વેચવા હશે તો બીજા ૧.૨૦ લાખ રૂપિયા ભરવા પડશે. પછી તબક્કાવાર ૧.૨૦ લાખ રૂપિયા પણ ભરી દીધા હતા. પછી ઓટીસી ખાતામાં ૭.૪૭ લાખ રૂપિયા બેલેન્સ બતાવતું હતું. આ શેર વેચી પૈસા પરત મેળવવા હોય તો બીજા ૧.૪૦ લાખ ભરવા પડશે તેમ સામેવાલાએ જણાવ્યું હતું. આમ તબક્કાવાર ૩.૧૦ લાખ રૂપિયા ભરાવ્યા હતા પરંતુ પૈસા પરત આપ્યા ન હતા. જેથી કરીનાએ આ મામલે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ આદરી છે.

### મિશ્ર ઋતુમાં રોગચાળાએ માથું ઉચક્યું

# જામનગરમાં ખોરાક અને પાણીજન્ય રોગચાળો વકર્યો

### હાલની સ્થિતિએ મિશ્ર ઋતુનો અનુભવ થતો હોવાથી જામનગરમાં રોગચાળાએ માથું ઉચક્યું છે

। (એજન્સી) જામનગર, તા.૧ ।

જામનગરમાં શિયાળાની ઋતુ હવે વિદાય લઈ રહી છે અને ઉનાળાનું આગમન થઈ રહ્યું છે. પરંતુ હાલની સ્થિતિએ મિશ્ર ઋતુનો અનુભવ થતો હોવાથી જામનગરમાં રોગચાળાએ માથું ઉચક્યું છે. જામનગરમાં ખોરાક અને પાણીજન્ય રોગચાળો વકર્યો છે. ટાઈફોઈડ, શરદી, ઉધરસના કેસ વધી રહ્યા છે. ત્યારે આયુર્વેદની દ્રષ્ટિએ શું ધ્યાન રાખવું?

જામનગરમાં આવેલ કેન્દ્રીય આયુર્વેદ સંસ્થાન ITRA ના આસિસ્ટન્ટ પ્રોફેસર વિશ્વદેશ પારઘીના જણાવ્યા અનુસાર હાલ વસંત ઋતુ શરૂ થવા જઈ રહી છે. શિયાળાની વિદાયને લઈ વહેલી સવારે અને રાત્રે ઠંડી તો દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. પરિણામે મિશ્ર ઋતુ હોવાથી શરદી કફ સંબંધિત રોગોમાં વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને બાળકોથી માંડી વૃદ્ધો અને યુવાનો અનેક પ્રકારની સમસ્યા રહ્યા છે. વાયરલ ઈન્ફેક્શન સાથે ન્યુમોનિયા અને પાચન સંબંધિત રોગોની ફરિયાદ સાથે જામનગરની હોસ્પિટલો હાઉસફુલ જોવા મળી રહી છે.

આયુર્વેદમાં જણાવ્યા અનુસાર ઉપાયની વાત કરવામાં આવે તો દિવસે સૂવું ન જોઈએ. આયુર્વેદમાં દિવસે સૂવા પર મનાઈ ફરમાવવામાં આવે છે. આ ઉપરાંત પચવામાં હળવા ખોરાક હોય તેવા ખોરાકનું સેવન કરવું જોઈએ અને ભારે કઠોળનું સેવન કરવું ટાળવું જોઈએ. આ ઉપરાંત ખારો કે ખાટો ખોરાક ન ખાવો જોઈએ તેના સ્થાને સૂંઠ મિશ્રિત પાણી તેમજ હળવું ગરમ પાણી પીવું જોઈએ.

વધુમાં પાણીમાં મધ પણ મર્યાદિત માત્રામાં મિક્સ કરીને પીવાથી આવા રોગોમાંથી બચી શકાય છે

# અસારવાની સ્કૂલમાં ધો.૧૨ની પરીક્ષામાં ઓછા પ્રશ્નપત્ર નીકળતાં દોડધામ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુરુવારે લેવાયેલી પરીક્ષામાં ધો.૧૨ની પરીક્ષામાં અસારવા વિસ્તારની સ્કૂલોમાં પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં પ્રશ્નપત્રની સંખ્યા ઓછી હોવાથી થોડા સમય માટે તંત્ર દોડતું થયું હતું. જોકે, આસપાસનીસ્કૂલમાંથીપ્રશ્નપત્રોલાવીનેવિદ્યાર્થીઓને આપીને પરીક્ષા શરૂ કરાવવામાં આવી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં જે તે સેન્ટર અને પરીક્ષા ખંડમાં પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને ઉત્તરવહીઓ અને પ્રશ્નપત્ર મોકલવામાં આવતાં હોય છે. આજે પરીક્ષાના પહેલા દિવસે અસારવાની એક સ્કૂલમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે બેઠા ત્યારે નિયમ પ્રમાણે બંધ કવરમાંથી જેટલા પ્રશ્નપત્ર નીકળવા જોઈએ તેના કરતાં ઓછા નીકળ્યા હતા. કવરમાંથી જે પ્રશ્નપત્રો નીકળ્યા તે વિદ્યાર્થીઓને આપી દેવામાં આવ્યા પછી પણ કેટલાક વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર આપવાના રહી ગયા હતા. પરીક્ષા શરૂ થઈ ચૂકી હોવાથી વિદ્યાર્થીઓ અને સ્કૂલ સંચાલક, વર્ગ નિરીક્ષક પણ મુશ્કેલીમાં મુકાયા હતા. જોકે, તાકીદે આજુબાજુ આવેલી સ્કૂલોમાં તપાસ કરવા માણસો મોકલવામાં આવ્યા હતા. સૂત્રો કહે છે કે, આજુબાજુની એક-બે સ્કૂલમાં તપાસ કરતાં ત્યાં કેટલાક વિદ્યાર્થી ગેરહાજર હોય અથવા તો અન્ય કારણોસર પરીક્ષા આપી ન હોય તેવી સ્થિતિમાં પ્રશ્નપત્ર વધારાના હોય તે મગાવીને વિદ્યાર્થીઓને અપાયા હતા. આમ, આ તમામ કાર્યવાહીમાં ૧૦થી ૧૫ મિનિટ જેટલો સમય બગડ્યો હતો. જોકે, પ્રશ્નપત્ર મળી જતાં વિદ્યાર્થીઓ અને સ્કૂલ સંચાલકોએ પણ હાશકારો અનુભવ્યો હતો. ઝોનલની બેદરકારીના કારણે વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા.

### સિટી બસે મારી ટક્કર સર્જ્યો અકસ્માત

# સિટી બસે એક્ટિવા ચાલક યુવતીને જોરદાર ટક્કર મારી

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટ શહેરમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ સવારના સમયે જામનગર રોડ પર બજરંગવાડી વિસ્તારમાં સત્યપ્રકાશ સ્કૂલ પાસે પૂરપાટ ઝડપે દોડતી સિટી બસે એક ગંભીર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં સિટી બસે એક એક્ટિવા ચાલક યુવતીને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે યુવતી ૧૦ ફૂટ દૂર ફંગોળાઈને રસ્તા પર પટકાઈ હતી. આ ઘટનાને કારણે યુવતીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મળતી માહિતી અનુસાર, રાજકોટના જામનગર રોડ પર બજરંગવાડી વિસ્તારમાં સત્યપ્રકાશ સ્કૂલ નજીક એક્ટિવા નં. GJ03LH4050 લઈને યુવતી પસાર થઈ રહી હતી. તે દરમિયાન ચાર રસ્તા પર પહોંચતાની સાથે રૂટ નં. ૫૪ની સિટી બસ GJ03BZ3617 ના ચાલકે અડફેટે લેતા એક્ટિવા ચાલક યુવતી ફંગોળાઈ ૧૦ ફૂટ દૂર રસ્તા પર ફેંકાઈ હતી અને એક્ટિવા બસના આગળના ટાયરમાં ફસાઈ ગયું હતું.

આ અકસ્માતનો ચોંકાવનારા CCTV ફૂટેજ સામે આવ્યા છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, એક્ટિવા ચાલક યુવતીએ ૪ રસ્તા પાસે પહોંચતા વાહનની ગતિ ધીમી કરી હતી અને બ્રેક પણ લગાવી હતી. જો કે, પાછળથી આવી રહેલી સિટી બસના ચાલકે બ્રેક લગાવી ન હતી, જેના કારણે આ ગંભીર અકસ્માત થયો હતો. પ્રાથમિક તપાસમાં સિટી બસ ચાલકની બેદરકારીને કારણે આ અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી ખુશ્બુ ઠાકરને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટરોએ જણાવ્યું હતું કે, તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે.

### આધાર માટે લાંબી લાઇનમાં ઊભા રહેવું નહી પડે

# સરકારે શરૂ કર્યું ‘આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ’

### લોકો માટે સેવાઓની વધુ સારી સરળ અને સક્ષમ બનાવવાનો દાવો મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

આજથી કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આધાર પ્રમાણભૂતતા વિનંતીઓ માટે મંજૂરી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ લોન્ચ કર્યું છે.

જેમાં લોકો માટે સેવાઓની વધુ સારી સરળ અને સક્ષમ બનાવવાનો દાવો મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર આધાર સુશાસન ઓનલાઈન પ્લેટફોર્મ સુશાસન (સમાજ કલ્યાણ, નવીનતા, જ્ઞાન) સુધારા નિયમો, ૨૦૨૫ હેઠળ ચાલુ કરવામાં આવી છે. વર્ષ જાન્યુઆરી ૨૦૨૫ના અંતમાં આધાર (નાણાકીય અને અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) અધિનિયમ, ૨૦૧૬ હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા જેમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં પારદર્શિતા અને સમાવેશકતા સુધારવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

છેલ્લા એક દાયકામાં એક અબજથી વધુ ભારતીયોએ ૧૦૦ અબજથી વધારે વખત આધારનો ઉપયોગ કરીને આધાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સીંરૂના સચિવના જણાવ્યા મુજબ આ પ્લેટફોર્મ લોન્ચ થવાથી અને તેની આસપાસની અન્ય પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓમાં સતત સુધારા સાથે અમે સુશાસન અને જીવન જીવવાની સરળતાના ક્ષેત્રમાં વધુ ઉપયોગના કિસ્સાઓ ઉમેરવાની પ્રક્રિયા ઝડપી બનશે. નવા સુધારાથી આધાર નંબર ધારકો




હોસ્પિટાલિટી, હેલ્થકેર, ક્રેડિટ રેટિંગ બ્યૂરો, ઈ-કોમર્સ પ્લેયર્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને એગ્રિગેટર સર્વિસ પ્રોવાઈડર્સ સહિત કેટલાંક ક્ષેત્રોમાંથી મુશ્કેલી વિનાની સેવાઓનો લાભ મેળવી શકશે. સર્વિસ પ્રોવાઈડર્સને પણ સ્ટાફની હાજરી, કસ્ટમર ઓનબોર્ડિંગ, ઈ-કેવાયસી વેરિફિકેશન, એક્ઝામ રજિસ્ટ્રેશન વગેરે સહિતની અનેક બાબતો માટે મદદરૂપ થશે. આ પોર્ટલ સંસાધનોથી ભરપૂર માર્ગદર્શિકા તરીકે સેવા આપશે, અને આધાર પ્રમાણીકરણ માટે અરજી કેવી રીતે કરવી અને બોર્ડ પર કેવી રીતે રહેવું તે અંગે પ્રમાણપત્ર મેળવવા માંગતા સંસ્થાઓને વિગતવાર SOP પ્રદાન કરશે. આ મુદ્દે એપ્રિલ અને મે ૨૦૨૩ દરમિયાન હોદ્દેદારો અને સામાન્ય લોકો તરફથી ટિપ્પણીઓ મંગાવવામાં આવી હતી.

## ક્રાઇમ બ્રાન્ચને ૩૪ વર્ષે એક ચેઇન સ્નેચિંગ કેસમાં સફળતા મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ૩૪ વર્ષે એક ચેઈન સ્નેચિંગ કેસમાં સફળતા મળી છે. હકીકતમાં ૩૪ વર્ષ પહેલાં પૂર્વ વિસ્તારમાં એક યુવક મહિલાના ગળામાંથી ચેઈન ખેંચીને ફરાર થઈ ગયો હતો. ૯૦ના દાયકામાં બનેલી આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચને અત્યારે જતા સફળતા મળી છે. હાલ, ૭૧ વર્ષીય ચેઈન સ્નેચર પોલીસ કસ્ટડીમાં છે. ૧૯૯૧માં અમદાવાદમાં ચેઈન સ્નેચિંગની એક ઘટના બની હતી. જેમાં મહિલા રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે એક શખસ બાઈક પર આવ્યો અને ગણતરીની સેકન્ડમાં ચેઈન ચોરીને ફરાહર થઈ ગયો હતો. તે સમયે મહિલાએ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. ત્યારે પોલીસે ઘણો પ્રયાસ કર્યો પરંતુ, આ ચેઈન સ્નેચર ન મળતાં કેસ બંધ કરી દેવાયો હતો. જોકે, કેસ બંધ થયાના આટલા વર્ષો બાદ ક્રાઈમ બ્રાન્ચને હ્યુમન સોર્સિંગના આધારે જાણવા મળ્યું કે, ૧૯૯૧માં થયેલી ચેઈન સ્નેચિંગનો આરોપી સુરેન્દ્રનગરના એક ગામમાં છુપાયેલો છે અને તેનું નામ બલજી ઠાકોર છે.

## વિશેષ

### કાર્યક્રમને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર સજ્જ: તમામ તૈયારીઓને અપાઈ રહ્યો છે આખરી ઓપ

# નવસારી ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહભાગી થશે





। (માહિતી) અમદાવાદ ।

આગામી ૮મી માર્ચ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીમાં સહભાગી થવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી નવસારી આવી રહ્યા છે, ત્યારે આ અંગે વિસ્તૃત માહિતી આપતા કલેક્ટર શ્રી ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું હતું કે, ૮મી માર્ચે નવસારીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં લખપતિ દીદી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને સાંસદ શ્રી સી. આર. પાટીલ તેમજ રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજી પટેલની વિશેષ ઉપસ્થિતિ રહેશે. સમૂહ માધ્યમો સાથે સંવાદ કરતા કલેક્ટર શ્રી ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું હતું કે, જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે આયોજિત લખપતિ દીદી સન્માન સમારોહમાં ૧ લાખથી વધારે મહિલાઓ ભાગ લેશે.

સ્ટેજ કાર્યક્રમ પૂર્વે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી લખપતિ દીદીઓ સાથે સંવાદ પણ કરશે. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ થકી અનેક મહિલાઓ લખપતિ દીદી બનવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસેથી પ્રેરણા લેશે. કાર્યક્રમની વધુ વિગતો આપતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, કાર્યક્રમ સ્થળે ૩૩ જિલ્લાની સખી મંડળો દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું પ્રદર્શન કરતા સ્ટોલ ઊભા કરવામાં આવશે. તેમજ કેચ ધ રેઈન અભિયાન અંતર્ગત જળ સંચયની થીમ આધારિત એક સ્ટોલ રાખવામાં આવશે. આ સ્ટોલ્સની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મુલાકાત લેવામાં આવશે.

કલેક્ટરશ્રીએ તમામ વ્યવસ્થાઓની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં સહભાગી થનાર મહિલાઓ માટે પરિવહન સુવિધા સહિતની સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય પ્રજાને દુવિધા કે તકલીફ ના પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાર્કિંગ, આરોગ્ય, વોશરૂમ, ભોજન, પીવાનું પાણી સહિત સમગ્રતયા સૂક્ષ્મ આયોજન અને વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ધો. ૧૦-૧૨ ની બોર્ડના પરીક્ષાર્થીઓને કોઈ પણ જાતની તકલીફ ના પડે તે માટે નોડલ અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી હોવાનું શ્રી આગ્રેએ જણાવ્યું હતું. તદુપરાંત ટ્રાફિકના કિસ્સાઓમાં પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર પરીક્ષાર્થીઓની સહાય કરશે, તેમ તેમણે મક્કમતાથી જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ વાલીઓ અને પરીક્ષાર્થીઓને ચિંતામુક્ત રહેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુશીલ અગ્રવાલએ સુરક્ષા વ્યવસ્થાની વિગતે માહિતી આપી હતી. ૧૪ એસ. પી. રેક્નના અધિકારીઓ, ૩૨ ડી.વાય.એસ.પી. રેક્નના અધિકારીઓ સહિત કુલ ૩ હજાર પોલીસકર્મી અને ૧ હજાર હોમગાર્ડ્સના જવાનો એમ કુલ ૪ હજાર સુરક્ષા કર્મીઓનો બંદોબસ્ત રાખવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. સામાન્ય પ્રજાને થોડી પણ તકલીફ ના પડે, તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પુષ્પ લતા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી ડી. એમ. પંડ્યા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## IIT Baba નો આરોપ : ન્યૂઝ ચેનલમાં બોલાવ્યા બાદ કરી મારામારી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

મહાકુંભ મેળાથી પ્રસિદ્ધ થયેલા અને વિવાદામાં પણ ફસાયેલા આઈઆઈટી બાબા ફરી એક નવો મુદ્દો લઈને આવ્યા છે. મહાકુંભ દરમિયાન પણ તેઓ વારંવાર ચર્ચામાં આવતા હતા. ભારત-પાકિસ્તાન મેચમાં પાકિસ્તાનની જીતની તેમની આગાહી ખોટી પડતા લોકો તેમના પર વરસી પડ્યા હતા, ત્યારે હવે તેમણે કરેલા આરોપ મુજબ નોઈડા ખાતે એક ખાનગી ટીવી ચેનલની ડિબેટ દરમિયાન તેમના પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો છે.આઈઆઈટી બાબા એટલે કે અભય સિંહ એક ન્યૂઝ ચેનલની ડિબેટમાં ભાગ લેવા ગયા હતા જ્યાં કથિત રીતે તેમના પર હુમલો કર્યાના સમાચાર વાયરલ થઈ રહ્યા છે.આઈઆઈટી બાબાએ ફરિયાદ કરી હતી કે તેમના પર જીવલેણ હુમલો થયો છે. આ હુમલો અન્ય સાધુસંતોએ જ કર્યો છે. નોઈડાના સેક્ટર ૧૨૬માં બાબાની ફરિયાદ લેવામાં આવી છે. જોકે હાલમાં મારપીટ થઈ હોવાની કોઈ જાણકારી પોલીસે આપી નથી. IIT Babaના કહેવા અનુસાર તેમને ડિબેટ માટે બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ અમુક અજાણ્યા ભગવા વસ્ત્રોધારીઓએ પર હુમલો કરી દીધો. તેમણે ગમે તેમ કરી પોતાની જાતને બચાવી અને પોલીસને જાણ કરી. જોકે આ સમગ્ર મામલે બાબાની ભૂમિકા પણ તપાસવામાં આવશે. આઈઆઈટી બાબા તરીકે કુંભમાં દેખાઈ ચૂકેલા બાબા હરિયાણાના સોલી ગામના છે અને એરોસ્પેસ એન્જિનિયરથી આઈઆઈટી બાબા તરીકેની તેમની સફર સમાચારોમાં સતત ચમકતી રહે છે.

## અમેરિકા સાથે સીધો હવાઇ સંપર્ક ફરી ચાલુ કરવા રશિયાની ઓફર

। (એજન્સી) મોસ્કો, તા.૧ ।

સંબંધોમાં સુધારો કરવા માટેની અમેરિકા સાથેની બીજા રાઉન્ડની મંત્રણામાં રશિયાએ વોશિંગ્ટન સાથે સીધો હવાઈ સંપર્ક પુનઃસ્થાપિત કરવાની ઓફર કરી છે. ઈસ્તંબુલમાં બંને દેશોના વરિષ્ઠ રાજદ્વારીઓની બેઠકોમાં બંને દેશો રાજદ્વારી સેવાઓ બહાલ કરવા માટે પણ સંમત થયાં હતાં. રશિયા અને યુએસના રાજદ્વારીઓએ સંબંધિત દૂતાવાસની કામગીરીને સામાન્ય બનાવવાની ચર્ચાવિચારણા કરવા માટે ગુરુવારે ઈસ્તંબુલમાં બેઠક યોજી હતી. યુક્રેન યુદ્ધ પછી બંને દેશોએ એકબીજાના રાજદ્વારીઓની હકાલપટ્ટી કરી હતી. રશિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને દેશોના રાજદ્વારીઓ એકબીજાના દેશોમાં સત્તાવાર ફરજો નિભાવી શકે તે માટેનું યોગ્ય વાતાવરણ ઊભું કરવા સંમતિ સધાઈ છે. પરસ્પરના રાજદ્વારીઓને પ્રવૃત્તિઓ માટે અવિરત નાણા મળતા રહે તેની પણ સંમતિ સધાઈ હતી. રશિયાએ અમેરિકાને સીધા હવાઈ ટ્રાફિકને પુનઃસ્થાપિત કરવાની સંભાવનાને ધ્યાનમાં લેવાની પણ દરખાસ્ત કરી હતી. જોકે આ મુદ્દે વોશિંગ્ટન તરફથી તાકીદે કોઈ પ્રતિક્રિયા આવી ન હતી. રશિયાએ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ યુક્રેન પર આક્રમણ કર્યા પછી યુએસ અને અન્ય પશ્ચિમી દેશોએ મોસ્કો પર ઘણા પ્રતિબંધો લાદ્યા હતાં. આ પ્રતિબંધોને ભાગરૂપે હવાઈ સંપર્કો પણ કાપી નાખ્યાં છે. ટ્રમ્પ સત્તા પર આવ્યા પછી બંને દેશોના સંબંધોમાં સુધારો થઈ રહ્યો છે. અગાઉ ટ્રમ્પે રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાતચીત કરી હતી. આ ઉપરાંત આ મહિનાની શરૂઆતમાં સાઉદી અરેબિયામાં બંને દેશોના વરિષ્ઠ રાજદ્વારીઓ વચ્ચે વાટાઘાટો થઈ હતી. રિયાધમાં મોસ્કો અને વોશિંગ્ટન યુક્રેનમાં લડાઈ સમાપ્ત કરવા તથા તેમના રાજદ્વારી અને આર્થિક સંબંધો સુધારવા માટે કામ શરૂ કરવા સંમત થયાં હતાં.

### ટ્રમ્પે બેઠકમાંથી ચાલતી પકડી અને ઝેલેન્સ્કી પણ રવાના થયાં

# ટ્રમ્પ-ઝેલેન્સ્કીની મંત્રણા નિષ્ફળ યુક્રેન-રશિયા યુદ્ધ લાંબુ થઈ શકે

### ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચેની મુલાકાત ફળદાયી રહેવાની અપેક્ષાએ ટીવી ચેનલો અને સોશિયલ મીડિયા પર તેમની ચર્ચાનું લાઈવ સ્ટ્રીમિંગ થયું હતું



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુદ્ધગ્રસ્ત યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમીર ઝેલેન્સ્કી વચ્ચે શુક્રવારે વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલી મંત્રણા નિષ્ફળ રહી હતી. બંને દેશના નેતાએ એકબીજા સમક્ષ નમતું નહીં જોખવાની જિદ પકડી રાખતાં યુક્રેન-રશિયા યુદ્ધમાં સમાધાનની આશા ધૂંધળી બની છે.

રશિયા-યુક્રેન યુદ્ધના ઉકેલ માટે યોજાયેલી આ બેઠક પર સમગ્ર વિશ્વની નજર હતી. ટ્રમ્પે ઝેલેન્સ્કીને જણાવ્યું હતું કે, યુદ્ધનો અંત લાવવા માટે યુક્રેને કેટલાંક સમાધાન કરવા પડશે. જોકે ઝેલેન્સ્કીએ ટ્રમ્પને રોકડુ પરખાવ્યુ હતું કે, રશિયાના હત્યારા નેતા સાથે તેઓ સમાધાન કરવાના મૂડમાં નથી. આ મંત્રણામાં અબજોના ખનીજ ધરાવતા વિસ્તારો અમેરિકાને સોંપવા બાબતે કરાર થવાના હતા.

મંત્રણા નિર્ણાયક તબક્કે પહોંચવાની શક્યતા ન લાગતાં ટ્રમ્પે ચાલુ મંત્રણાએ ચાલતી પકડી હતી. આ જોઈ ઝેલેન્સ્કી પણ તરત યુક્રેન જવા રવાના થઈ ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચેની મુલાકાત ફળદાયી રહેવાની અપેક્ષાએ ટીવી ચેનલો અને સોશિયલ મીડિયા પર તેમની ચર્ચાનું લાઈવ સ્ટ્રીમિંગ થયું હતું. જેમાં અમેરિકા-યુક્રેન વચ્ચે સમજૂતિ કરારની જાહેરાત થવાની હતી. ૪૫ મિનિટની ચર્ચામાં છેલ્લી ૧૦ મિનિટ દરમિયાન ઝેલેન્સ્કી-ટ્રમ્પ વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી અને અમેરિકાના ઉપ પ્રમુખ જે ડી વાન્સ પણ તેમાં જોડાયા હતા. ઝેલેન્સ્કીએ રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆતનો ઈતિહાસ કહેવાની શરૂઆત કરી હતી. તેમની વાતને વાન્સે વચ્ચેથી કાપી નાખી હતી અને અમેરિકન મીડિયા સમક્ષ આ પ્રકારના નિવેદનોને અનુચિત ગણાવ્યા હતા. ઝેલેન્સ્કીએ વાન્સના વિરોધનો પ્રયાસ કરતાં ટ્રમ્પે ઝુકાવ્યું હતું.

ટ્રમ્પે ઝેલેન્સ્કીની હરકતોને ત્રીજા વિશ્વ યુદ્ધ તરફ દોરી જનારી ગણાવી હતી અને તેઓ લાખો લોકોના જીવન સાથે જુગાર રમી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. અમેરિકાએ રશિયા સામેના યુદ્ધમાં આપેલી સહાયની યાદ અપાવી ઝેલેન્સ્કીને ચૂપચાપ અમેરિકાની શરતો માનવા રીતસરના તતડાવ્યા હતા અને ઝેલેન્સ્કી અમેરિકાની વાત ના માને તો યુક્રેનને તેના હાલ પર છોડી દેવાની ચીમકી પણ આપી હતી.

### 'મેં કંઇ ખોટું નથી કર્યું, માફી નહીં માગુ..'

## ટ્રમ્પ સાથે ઝઘડ્યાં બાદ ઝેલેન્સ્કીનો મિજાજ ન બદલાયો



યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે શુક્રવારે યોજાયેલી મંત્રણામાં ઉગ્ર દલીલો બાદ ઝેલેન્સ્કી મક્કમ રહ્યા અને તેમણે ટ્રમ્પથી માફી માગવાનો ઈનકાર કરી દીધો છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે આ ઘટનાને બંને પક્ષો માટે નુકસાનકારક ગણાવી હતી. ઝેલેન્સ્કીએ કહ્યું કે જો અમેરિકા સમર્થન પાછું ખેંચી લેશે તો રશિયા વિરુદ્ધ યુક્રેનની સુરક્ષા કરવી અમારા માટે મુશ્કેલ બની જશે. જોકે મને એ વાત પર અફસોસ છે કે અમેરિકન પ્રમુખ સાથે ઉગ્ર દલીલોનું જાહેર પ્રસારણ કરાયું. ઝેલેન્સ્કીએ કહ્યું કે અમે વિનમ્રતા જાળવી રાખવા માગીએ છીએ. જ્યારે ઝેલેન્સ્કીને સવાલ કરાયો કે શું તમે અમેરિકન પ્રમુખ પાસે માફી માગવાનો છો તો તેમણે જવાબ આપ્યો કે ના, હું પ્રમુખનું સન્માન કરું છું. હું અમેરિકન લોકોનું પણ સન્માન કરું છું પણ મને નથી લાગતું કે અમે કંઈ ખોટું કર્યું છે. ટ્રમ્પ અને પુતિનના વધતા સંબંધો વચ્ચે ઝેલેન્સ્કીએ કહ્યું કે હું ઈચ્છું છું કે ટ્રમ્પ મધ્યસ્થતા કરતા રહે. મારી ઈચ્છા છે કે ટ્રમ્પ અમારી તરફેણ કરે. જોકે શું હવે ફરી ટ્રમ્પ સાથે સારા સંબંધો બનશે તેવા સવાલના જવાબમાં તેમણે હાંમાં જવાબ આપ્યો હતો.

### હવે એક્ટ્રેસની આગામી ફિલ્મ માટે લખશે ગીત

## કંગના અને જાવેદ અખ્તર વચ્ચે કોર્ટમાં થયું સમાધાન

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

કંગના રનૌત અને જાવેદ અખ્તર વચ્ચે ૫ વર્ષથી ચાલી રહેલી કાનૂની લડાઈનો અંત આવ્યો છે. કંગનાએ વર્ષ ૨૦૨૦માં જાવેદ અખ્તર પર માનહાનીનો કેસ કર્યો હતો, ત્યારથી જ બંને વચ્ચે ભેદભાવ હતા. એવામાં હવે બંને વચ્ચે સમાધાન થયાની વાત સામે આવી છે.

આ અંગે કંગનાએ કહ્યું કે, મારી અને જાવેદ અખ્તર વચ્ચે સમાધાન થઈ ગયું છે. કંગનાએ શુક્રવારે ૨૮ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા સ્ટોરી પર જાવેદ અખ્તર સાથેની એક તસવીર શેર કરી હતી. જેમાં બંને કોર્ટમાં હસતા હસતા કેમેરા સામે પોઝ આપતા જોવા મળે છે. કંગનાએ એમ પણ લખ્યું કે, આજે જાવેદજી અને મેં પરસ્પર સહમતિથી અમારી કાનૂની મામલો (માનહાનિનો કેસ) ઉકેલી લીધો છે. કંગનાએ આગળ લખ્યું, જાવેદજી ખૂબ જ દયાળુ અને નમ્ર છે. મારા દિગ્દર્શનમાં બની રહેલી આગામી ફિલ્મ માટે ગીતો લખવા માટે પણ તેણે સંમતિ આપી છે. જાવેદ અખ્તર અને કંગના રનૌત વચ્ચે વર્ષ ૨૦૧૬માં વિવાદ થયો હતો. તે સમયે કંગના રનૌત અને હીતિક રોશનનો મુદ્દો ચાલી રહ્યો હતો અને તેમના ઈમેલ હેડલાઈન્સ બની રહ્યા હતા. જાવેદ અખ્તર હીતિક રોશનના પરિવારની નજીક હોવાથી તેમણે કંગનાને પોતાના ઘરે બોલાવી હતી અને હીતિકની માફી માગવા કહ્યું હતું.

કંગનાએ તે સમયે આ બાબતે કોઈ જવાબ ન આપ્યો, પરંતુ વર્ષ ૨૦૨૦માં સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પછી, કંગનાએ ઘણા બોલિવૂડ સેલેબ્સ પર ગંભીર આરોપો લગાવ્યા. આ સાથે જ તેણે એક ટીવી ઈન્ટરવ્યૂમાં જાવેદ અખ્તરનો મુદ્દો ઉઠાવ્યો હતો. કંગનાએ આરોપ લગાવ્યો હતો કે, જાવેદ અખ્તરે મને ઘરે બોલાવીને ધમકી આપી હતી કે જો હું હીતિકને હેરાન કરીશ તો તે મને નહિ છોડે. આ વાતથી નારાજ જાવેદ અખ્તરે કંગના સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. બદલામાં કંગનાએ પણ જાવેદ અખ્તર સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

### ઈન્દોરની હોલ્કર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓનું કરતૂત

## કોલેજમાં હોળી રમવા મંજૂરી નહીં આપતાં પ્રિન્સિપાલ સહિત ૧૫૦ને બંધક બનાવ્યાં

### હોલ્કર હોલી ફેસ્ટ નામના આ કાર્યક્રમમાં ડીજે અને રેઈન ડાન્સ જેવા કાર્યક્રમો પણ સામેલ હતાં

। (એજન્સી) ઈન્દોર, તા.૧ ।

મધ્યપ્રદેશના ઈન્દોરની એક કોલેજના સત્તાવાળાઓએ કોલેજના કેમ્પસમાં હોળી રમવાની મંજૂરી નહીં આપતા રોષે ભરાયેલા ચાર વિદ્યાર્થીઓએ મહિલા પ્રિન્સિપાલ સહિત ૧૫૦ લોકોને આશરે દોઢેક કલાક સુધી બંધક બનાવી દેતાં હોબાળો મચી જવા પામ્યો હતો. આ મામલે તપાસ બાદ ચારેય વિદ્યાર્થીઓની કોલેજ દ્વારા હકાલપટ્ટી કરાઈ છે. ઘટનાની વિગતો અનુસાર, અહીંની ગવર્નમેન્ટ હોલ્કર સાયન્સ કોલેજના કેટલાંક વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં હોળીની ઉજવણી માટેના પોસ્ટર્સ લગાવ્યાં હતાં.



હોલ્કર હોલી ફેસ્ટ નામના આ કાર્યક્રમમાં ડીજે અને રેઈન ડાન્સ જેવા કાર્યક્રમો પણ સામેલ હતાં. આ કાર્યક્રમ એક ખાનગી કોચિંગ સંસ્થાએ સ્પોન્સર કર્યો હતો અને તેમાં ભાગ લેવા માટે ૧૫૦ની ફી રખાઈ હતી. જોકે ૭મી માર્ચના રોજ યોજાનારા આ કાર્યક્રમ માટે તેમણે કોલેજના સત્તાવાળાઓની મંજૂરી લીધી નહોતી. આ પ્રકારના કાર્યક્રમના આયોજનથી કોલેજના વહીવટ તંત્રને કોલેજનો માહોલ બગડવાની આશંકા હતી. જેથી તેમણે તેને મંજૂરી આપી નહોતી અને કોલેજ પરિસરમાં લગાવાયેલાં તમામ પોસ્ટર્સ દૂર કરાવ્યાં હતાં. આ ઘટનાથી રોષે ભરાયેલાં વિદ્યાર્થીઓએ કોલેજમાં દેખાવો યોજ્યાં હતાં. આ સમગ્ર વિરોધ પ્રદર્શનની આગેવાની ચાર વિદ્યાર્થીઓએ લીધી હતી. આ ચાર વિદ્યાર્થીઓએ કોલેજના યશવંત હોલના દરવાજા બહારથી બંધ કરી દીધાં અને રૂમનો વીજ પુરવઠો પણ બંધ કરી દીધો હતો. આ સમયે હોલમાં આશરે ૧૫૦થી વધુ લોકોની મીટિંગ ચાલી રહી હતી. મીટિંગમાં કોલેજના મહિલા પ્રિન્સિપાલ ઉપરાંત પ્રોફેસર્સ અને અન્ય કર્મચારીઓ પણ હાજર હતાં. એકાએક વીજ પુરવઠો બંધ થતાં જ હોલમાં હાજર લોકોએ બહાર જવા પ્રયાસ કર્યો હતો, પરંતુ દરવાજા નહીં ખુલતા તેમણે હોબાળો મચાવ્યો હતો. આશરે દોઢેક કલાકની મથામણ બાદ કોઈએ હોલનો દરવાજો ખોલતાં લોકોનો છૂટકારો થયો હતો.

## ગુરુગ્રામમાં માત્ર ૧૦૦૦ રૂપિયા માટે આધેડને માર મારી કરી હત્યા

। (એજન્સી) હરિયાણા, તા.૧ ।

હરિયાણાના ગુરુગ્રામમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં બજઘેરામાં, એક ૫૫ વર્ષીય આધેડને માર મારવામાં આવ્યો કારણ કે તેણે તેના એક કર્મચારીને ૧,૦૦૦ રૂપિયા આપવાનો ઈનકાર કર્યો હતો. પોલીસ અધિકારીઓએ ગુરુવારે આ ઘટના અંગે માહિતી આપી હતી. મૃતકની ઓળખ અમરુદ્દીન અલી તરીકે થઈ છે. જેઓ પ્લાસ્ટીકના ભં

આ કેસમાં પોલીસે આરોપી શરીફુલ શેખની ધરપકડ કરી હોવાનું જણાવ્યું હતું. આ ઘટના સોમવારે સાંજે ૭ વાગ્યે બની હતી. ઘટના બની ત્યારે અલી અને તેનો પુત્ર રહેમત વેરહાઉસમાં હતા. પોલીસને આપેલી ફરિયાદમાં રહેમતે જણાવ્યું હતું કે શેખે તેના પિતા પાસેથી ૧૦૦૦ રૂપિયા માંગ્યા હતા. આ સમય દરમિયાન મારા પિતા પાસે રોકડ ન હોવાને કારણે તરત જ પૈસા ચૂકવી શક્યા ન હતા. આ માટે તેણે થોડો સમય રાહ જોવાનું કહ્યું.

રહેમતે જણાવ્યું કે આ દરમિયાન શેખ તેના પિતા પર સતત દબાણ કરી રહ્યો હતો. હું કોઈ કામ માટે બહાર ગયો હતો ત્યારે શેઠે મારા પિતા પર લોખંડના ભારે વડે હુમલો કર્યો હતો.

### ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સના જણાવ્યા અનુસાર

## વૈશ્વિક દેવું નવી ઊંચી સપાટી ૩૧૮ ટ્રિલિયન ડોલરએ પહોંચ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સના જણાવ્યા અનુસાર ગ્લોબલ દેવું ૨૦૨૪માં લગભગ ૭ ટ્રિલિયન ડોલર વધીને ૩૧૮ ટ્રિલિયન ડોલર સુધી પહોંચ્યું છે, જે વાર્ષિક ધોરણે સૌથી વધુ છે અને નાણાકીય બજારો માટે સાવચેત રહેવાનું કારણ છે.વૈશ્વિક નાણાકીય ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતા જૂથે રિપોર્ટમાં જણાવ્યું હતું કે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટના હિસ્સા તરીકે કુલ દેવું પણ ચાર વર્ષમાં પહેલી વખત વધ્યું છે. કારણકે ઈકોનોમિક ગ્રોથ ધીમો પડી ગયો હતો. તેણે આગાહી કરી છે કે આ વર્ષે ખાસ કરીને યુએસ, ફ્રાન્સ, ચીન, ભારત અને બ્રાઝિલમાં ઋણનું પ્રમાણ વધુ રહેશે.આઈઆઈએફએ જણાવ્યું હતું કે વધતા દેવાના બોજનો અર્થ એ છે કે સરકારોએ "બોન્ડ વિજિલેન્ટ્સથી સાવધ રહેવું જોઈએ," જે રોકાણકારોને બજેટ ખાધ અને દેવા પર લગામ લગાવવા પોલિસીમેકર્સને દબાણ કરવા માટે વ્યાજદરમાં વધારો કરે છે. જૂથે જણાવ્યું હતું કે એસ ફિસ્કલ બેલેન્સની વધતી જતી તપાસ-ખાસ કરીને ઉચ્ચ પોલેરાઈઝડ રાજકીય લેન્ડસ્કેપ્સવાળા દેશોમાં તાજેતરના વર્ષોનું એક નિર્ણાયક લક્ષણ છે.જ્યારે યુ.એસ.માં વધતા સરકારી દેવાના સ્તર પર બજારની પ્રતિક્રિયાઓ પ્રમાણમાં દેવું બાકી હોવા છતાં 'નોન-સ્ટેબિલાઈઝેશન પાથ' પર મ્યૂટ થઈ ગઈ છે. મજબૂત આર્થિક પ્રવૃત્તિ, ઉત્પાદકતા વૃદ્ધિ અને યુએસ ટ્રેઝરીઝના સેફ-હેવન સ્ટેટસ ચાલુ રહે છે અથવા યુએસ રાજકોષીય સંતુલનમાં મજબૂત થતી નબળાઈઓને ઢાંકી દે છે. જો કે, બધા દેશો વિશેષાધિકારોનો આનંદ નથી માણતા.૨૦૨૪માં થયેલા દેવાનો વધારો ૨૦૨૩માં ઉમેરાયેલા ૧૬ ટ્રિલયન ડોલર કરતાં નીચે હતો અને આઈઆઈએફ એ અનિશ્ચિત દૃષ્ટિકોણને જોતાં આ વર્ષે એકંદરે ઉધાર લેવાની ધીમી ગતિનો પૂર્વ નિર્દેશ કર્યો હતો.જૂથે જણાવ્યું હતું કે આગળ જોતાં, આપણે વૈશ્વિક દેવાના સંચયમાં વધુ મંદીની અપેક્ષા રાખીએ છીએ. વૈશ્વિક આર્થિક નીતિની અનિશ્ચિતતા રેકોર્ડ હાઈ-એક્સીડીંગ સ્તરે રોગચાળાની ટોચ પર જોવા મળે છે-અને ઉધાર ખર્ચ હજુ પણ એલિવેટેડ છે, ઉધાર લેનારાઓમાં વધુ સાવધ વલણ ધિરાણ માટેની ખાનગી ક્ષેત્રની માંગને અવરોધે તેવી શક્યતા છે.એક જર્મન બ્રોકરેજએ આજે જણાવ્યું હતું કે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસના માર્ગ માટે સૌથી ખરાબ સમય પૂરો થઈ ગયો હોવાનું જણાય છે. ડોઈચ બેંકના અહેવાલમાં જણાવાયું છે કે જીડીપી વૃદ્ધિ, જે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૪ ટકાના સપ્ટેમ્બર-ક્વાર્ટરની નીચી સપાટીએ સરકી ગઈ હતી, જે અર્થતંત્રની મજબૂતાઈ અંગે ઘણી ચિંતાઓ તરફ દોરી ગઈ હતી, તે ડિસેમ્બર ક્વાર્ટરમાં વધીને ૬.૨ ટકા થવાની સંભાવના છે.

## ગરીબી તેમજ શિક્ષણની દ્રષ્ટિએ, તમિલનાડુ કરતાં બિહારની નજીકઃ રિપોર્ટમાં ખુલાસો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ગુજરાતના વિકાસ મોડેલે ઝડપી ઔદ્યોગિક વિસ્તરણ દ્વારા અપાર આર્થિક સમૃદ્ધિ લાવી છે, પરંતુ તેનાથી સામાજિક-આર્થિક અસમાનતાઓ પણ વધી છે. આરોગ્ય, શિક્ષણ અને ગરીબી વ્યવસ્થાપન જેવા અન્ય પરિમાણો પર, ગુજરાત બિહારની નજીક છે. એક નવા સંશોધન પત્ર દ્વારા આ ખુલાસો થયો છે.'ભારતઃ વિરોધાભાસી પ્રાદેશિક ગતિશીલતાનો પડકાર' શીર્ષકવાળા આ સંશોધન પત્રમાં, ક્રિસ્ટોફ જેળેલો, વિગ્નેશ રાજામણિ અને નીલ ભારદ્વાજે ત્રણ રાજ્યો - બિહાર, ગુજરાત અને તમિલનાડુનું વિશ્લેષણ કર્યું છે. તેમણે આ રાજ્યોની સામાજિક-આર્થિક અને વહીવટી નીતિઓની તુલના ભારતની અંદર અલગ અલગ ભારતની વિભાવનાને સમજવા માટે કરી, જે તેમના વિકાસને નિર્ધારિત કરે છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બિહાર પછાતપણાનું ઉદાહરણ બની રહ્યું છે, પરંતુ માથાદીઠ આવકની દ્રષ્ટિએ ગુજરાત દેશનું સૌથી સમૃદ્ધ રાજ્ય છે. ગુજરાતનો વિકાસ માર્ગ મૂડી-સઘન ઉદ્યોગો, માળખાગત સુવિધાઓમાં રોકાણ અને વ્યવસાય-મૈત્રીપૂર્ણ નીતિઓ પર આધારિત રહ્યો છે. જોકે, શિક્ષણમાં ઓછા રોકાણને કારણે રાજ્યમાં અસમાનતાઓ યથાવત છે. આ અહેવાલમાં આ ત્રણેય રાજ્યોમાં સામાજિક કલ્યાણ પર ખર્ચ કરવાની પદ્ધતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને તેને તેમની પ્રાથમિકતાઓના સૂચક તરીકે ગણવામાં આવે છે.

અહેવાલમાં જણાવાયું છે કે મર્યાદિત સંસાધનો હોવા છતાં, બિહાર આ ક્ષેત્રમાં ભારે રોકાણ કરે છે, જેમાં તમિલનાડુ વધુ ભંડોળ ફાળવે છે. તેનાથી વિપરીત, ગુજરાત આ બાબતમાં પાછળ છે, જ્યાં શિક્ષણ, આરોગ્ય અને આવાસ સહિતના વિવિધ ક્ષેત્રો માટેનું બજેટ માત્ર તમિલનાડુ કરતાં જ નહીં પરંતુ બિહાર કરતાં પણ પાછળ છે.જાહેર આરોગ્ય નીતિની દ્રષ્ટિએ, અહેવાલ દર્શાવે છે કે સમૃદ્ધ હોવા છતાં, ગુજરાત સામાજિક કલ્યાણ પર ખર્ચ વધારવામાં પાછળ રહી ગયું છે. ભલે તે બિહાર કરતા વધુ ખર્ચ કરે છે, પણ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૯-૨૦ વચ્ચે તેના આરોગ્યસંભાળ ખર્ચમાં માત્ર ૧૦.૫ ટકાનો વધારો થયો, જ્યારે બિહારમાં તે ૨૯.૫ ટકા વધ્યો. તમિલનાડુમાં, આ વૃદ્ધિ ૨૦.૫ ટકા હતી, જે ગુજરાત કરતા બમણી હતી.બિહારમાં સામાજિક કલ્યાણ પર થતા ઊંચા ખર્ચ પર પ્રકાશ પાડતા, અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય મર્યાદાઓ હોવા છતાં સામાજિક રોકાણને પ્રાથમિકતા આપવાને કારણે બિહાર હિન્દી પટ્ટાના રાજ્યોમાં એક અનોખું સ્થાન ધરાવે છે.અહેવાલ મુજબ બિહારે તેના કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદનનો મોટો હિસ્સો સામાજિક કલ્યાણ પર સતત ખર્ચ કર્યો છે, જે ૨૦૨૧-૨૨માં ૨૨.૨૫% સુધી પહોંચ્યો છે. આ દર્શાવે છે કે મર્યાદિત સંસાધનો હોવા છતાં, રાજ્ય વિકાસલક્ષી અંતરને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.તેનાથી વિપરીત, ગુજરાત, જે તેના માળખાગત વિકાસ માટે જાણીતું છે.

## તંત્રી લેખ...

# ભારતના કારણે જ તમને પગાર મળી રહ્યો છે

ભારતના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કર ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટરો પર બરાબરના ભડક્યા છે. ઈંગ્લેન્ડના વર્તમાન અને પૂર્વ ક્રિકેટરોને એ વાતથી વાંધો છે કે, ભારત ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની પોતાની તમામ મેચ એક જ વેન્યૂ દુબઈમાં રમી રહી છે. ભારતીય ટીમ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેને ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ દરમિયાન બિનજરૂરી રીતે ફાયદો પહોંચાડવામાં આવી રહ્યો છે. સુનીલ ગાવસ્કરના મતે જે લોકો ભારત વિશે ફરિયાદ કરતા રહે છે તેમણે ટુર્નામેન્ટમાં પોતાના દેશની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ભારતના કારણે જ તમને પગાર મળી રહ્યો છે. સુનીલ ગાવસ્કર ઈંગ્લેન્ડના વર્તમાન અને પૂર્વ ક્રિકેટરો જેમ કે નાસીર હુસૈન, માઈકલ એથર્ટન વગેરે પર બરાબરના ભડક્યા છે. સુનીલ ગાવસ્કરે કહ્યું કે, જે ક્રિકેટ પંડિતો ભારત વિશે ફરિયાદ કરતા રહે છે તેમણે ટુર્નામેન્ટમાં પોતાના દેશની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ભારતીય ક્રિકેટ તેમને પગાર પણ આપી રહ્યું છે. એક પોડકાસ્ટ પર વાત કરતા નાસીર હુસૈન અને માઈકલ આથર્ટને કહ્યું હતું કે, ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટમાં ભારતનો વધુ ફાયદો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી રહેલા દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન રાસી વૈન ડેર ડુસેને પણ કહ્યું હતું કે, ભારતને અન્ય સાત ટીમોથી વિપરીત મુસાફરી કરવાની કે હોટલ બદલવાની જરૂર ન પડી, જે પોતાની કેટલીક મેચ પાકિસ્તાનમાં રમી રહી હતી અને રોહિત શર્મા એન્ડ કંપની પર આનો ફાયદો ઉઠાવવાનું દબાણ હશે. હવે સુનીલ ગાવસ્કરે કહ્યું કે, આ અંગે ટિપ્પણી કરવી પણ યોગ્ય નથી. આનાથી કોઈ ફાયદો નહીં થાય, કારણ કે પિચ ભારતના નિયંત્રણમાં નથી અને રમતમાં મુસાફરી સામાન્ય છે. સુનીલ ગાવસ્કરે કહ્યું કે, હકીકતમાં આવું નથી. ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર્સ હંમેશા રડતા રહે છે. તેઓ સમજી નથી શકતા કે, ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત ક્યાં ઊભુ છે. ક્વોલિટી, પગાર, ટેલેન્ટ અને સૌથી જરૂરી વાત રેવેન્યૂ ઉત્પન્ન કરવામાં. ટીવી રાઈટ્સ અને મીડિયા રેવેન્યૂ દ્વારા વર્લ્ડ ક્રિકેટમાં ભારતનું યોગદાન મોટો રોલ નિભાવે છે. તેમણે એ સમજવાની જરૂરી છે કે, તેમનો પગાર પણ તેમાંથી જ આવે છે જે ભારત ક્રિકેટની દુનિયામાં લાવે છે.

## તંદુરસ્ત અને સ્વસ્થ ભારત તરફઃ સામૂહિક કાર્યવાહીના માધ્યમથી મેદસ્વીપણા સામે લડવું

### "આપણી ખોરાકની ટેવોમાં નાના ફેરફારો કરીને આપણે આપણા ભવિષ્યને મજબૂત, તંદુરસ્ત અને રોગમુક્ત બનાવી શકીએ છીએ.": પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

મેદસ્વીપણું એ ભારતમાં જાહેર આરોગ્ય સામેનો મોટો પડકાર બની ગયો છે. જે તમામ વયજૂથના લોકોને અસર કરે છે અને ડાયાબિટીસ, હૃદયરોગ અને હાયપરટેન્શન જેવા બિનચેપી રોગો (NCD)નું જોખમ વધારે છે. બિનઆરોગ્યપ્રદ આહાર, બેઠાડુ જીવનશૈલી અને પર્યાવરણીય પરિબળોથી પ્રેરિત, મેદસ્વીપણું ચિંતાજનક દરે વધી રહ્યું છે. જે શહેરી અને ગ્રામીણ એમ બંને વસ્તીને અસર કરે છે. પ્રોસેસ્ડ ફૂડ તરફના બદલાવ, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો અને જીવનશૈલીમાં ફેરફારોએ આ વધતા જતા સંકટમાં વધુ યોગદાન આપ્યું છે. આ મુદ્દાની તાકીદને સમજીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં 'મન કી બાત' સંબોધનમાં સ્થૂળતા ઘટાડવા માટે રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામૂહિક કામગીરી માટે ભાર મૂક્યો હતો. ખાસ કરીને ખાદ્યતેલના ઓછા વપરાશ મારફતે. તેમણે જાગૃતિ ચળવળનું નેતૃત્વ કરવા માટે ભારતભરના અગ્રણી વ્યક્તિઓને નામાંકિત કર્યા. સામૂહિક કાર્યવાહી માટેની આ હાકલ વ્યક્તિગત અને સામુદાયિક એમ બંને સ્તરે મેદસ્વીપણાને પહોંચી વળવાનાં મહત્ત્વ પર ભાર મૂકે છે. જે ફિટ અને તંદુરસ્ત ભારતની જરૂરિયાતને વધારે મજબૂત કરે છે. ભારત સરકારે તંદુરસ્ત જીવનશૈલી, શ્રેષ્ઠ પોષણ અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, એનપી-એનસીડી, પોષણ અભિયાન, ઈટ રાઈટ ઈન્ડિયા અને ખેલો ઈન્ડિયા સહિત કેટલીક પહેલો શરૂ કરી છે. આ કાર્યક્રમોનો ઉદ્દેશ લાંબા ગાળાના વર્તણૂકીય પરિવર્તનને પ્રોત્સાહિત કરવાનો છે. જે તમામ માટે તંદુરસ્ત ભવિષ્યને સુનિશ્ચિત કરે છે. જેમ જેમ ભારત અમૃત કાલ તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ નીતિગત સુધારાઓ, સામુદાયિક જોડાણ અને નિયમનકારી પગલાંઓ દ્વારા સ્થૂળતાને પહોંચી વળવા માટે એક સંપૂર્ણ સરકારી અને સમગ્ર સમાજનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. જાહેર આરોગ્ય તંત્રને મજબૂત બનાવવું, કાયમી આહારની ટેવોને પ્રોત્સાહન આપવું અને જાગૃતિમાં વધારો કરવો એ આ વલણને ઉલટાવી દેવા અને મેદસ્વીપણાને લગતા આરોગ્ય જોખમોથી ભાવિ પેઢીઓને રક્ષણ આપવા માટેની ચાવીરૂપ બાબત છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના જણાવ્યા અનુસાર મેદસ્વીપણાને અસામાન્ય અથવા વધુ પડતી ચરબીનો સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જે આરોગ્ય માટે જોખમ રજૂ કરે છે. સ્થૂળતાને વર્ગીકૃત કરવા માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતું મેટ્રિક બોડી માસ ઈન્ડેક્સ (BMI) છે. જ્યાં ૨૫ કે તેથી વધુના બીએમઆઈને વધુ વજનવાળા ગણવામાં આવે છે અને ૩૦ કે તેથી વધુના બીએમઆઈને મેદસ્વી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. ભારતમાં, જો કોઈ વ્યક્તિનો બોડી માસ ઈન્ડેક્સ (BMI) ૨૩.૦ થી ૨૪.૯ કિગ્રા/મીટરની વચ્ચે હોય, તો તેને વધુ વજનવાળા અને જો તેનો BMI 25 $kg/m^2$ અથવા તેથી વધુ હોય તો તે મેદસ્વી ગણાય છે. જ્યારે કોઈ વ્યક્તિનો BMI ૩૫ કે તેથી વધુ હોય ત્યારે મોર્બિડ મેદસ્વિતા આવે છે. બોડી માસ ઈન્ડેક્સ (BMI) જે અગાઉ ક્વેટલેટ ઈન્ડેક્સ તરીકે ઓળખાતો હતો. તે પુખ્ત વયના લોકોનું વજન તંદુરસ્ત છે કે કેમ તે ચકાસવાનો એક સરળ માર્ગ છે. તે વ્યક્તિના વજનને કિલોગ્રામમાં તેની ઊંચાઈથી મીટર વર્ગ ($kg/m^2$)માં વિભાજિત કરીને ગણવામાં આવે છે. બીએમઆઈ શોધવા માટે વ્યક્તિનું વજન (કિગ્રા) લો અને તેને તેની ઊંચાઈ (મી)ના વર્ગ વડે વિભાજિત કરો. વિશ્વભરમાં પુખ્ત વયના લોકો અને બાળકો બંનેમાં વધુ વજન અને મેદસ્વીપણાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ૧૯૯૦ અને ૨૦૨૨ની વચ્ચે સ્થૂળતા ધરાવતા બાળકો અને કિશોરો (૫-૧૯ વર્ષની વયના) ની ટકાવારી ચાર ગણી વધીને ૨% થી ૮% થઈ ગઈ છે.

**વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે, અને તેના ૨૧ અધ્યાય બતાવાયા છે**

# પ્રભુ શ્રીરામ નાં જન્મ માટે જવાબદાર એવા વશિષ્ઠ ઋષિ કે જે જન્મથી જ વિશિષ્ટ છે




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વેદ વેદાંતમાં પારંગત, તત્વજ્ઞાન તપસ્વી પ્રખર ધનુર વિદ્યાના જાણકાર, ઉત્સાહી, કર્મકાંડી, અને ઉત્તમ વક્તા, અને ઉત્તમ લેખક, એવાં ઋષિ વશિષ્ઠ નો આશ્રમ હિમાલયના એક શિખર પર હતો, અને તેથી એ શિખર હજી પણ વશિષ્ઠ શિખર તરીકે ઓળખાય છે, વશિષ્ઠ ઋષિના લગ્ન કદર્મ ઋષિની પુત્રી અરુંધતી સાથે થયા હતા, વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિવરાત્રી જતાં ઉનાળો શરૂ થયો અને દિવસ મોટો થતાં આપણે ત્યાં હોળી પછી હરિ કથાની સપ્તાહનું આયોજન કરવામાં આવે છે. તો આ શાસ્ત્રોની રચના કરનાર ઋષિઓ વિષે હવે ચરિત્રની ઓળખમાં જોઈશું. સતયુગ ત્રેતા, દ્વાપર અને કળિયુગ એમ દરેક યુગમાં જે તે સમયનાં માનવીની માનસિકતા જુદી જુદી આપણને જોવા મળે, પરંતુ કાળ પ્રમાણે તે હોય. એટલે કે સતયુગમાં સત્ય નિષ્ઠ અને નીતિ પ્રમાણિકતા વાળા માનવીઓની સંખ્યા વધુ હોવી ઘટે. ત્રેતાયુગમાં તપસ્વીઓની સંખ્યા વધુ હોય, કારણ કે સત્વ ગુણની પ્રધાનતા વિશે ત્યારનાં માનવી જાગૃત હશે, દ્વાપરમાં મિશ્ર પ્રતિભા સંપન્ન લોકો રહ્યા હોઈ શકે, એટલે કે સત્વ રજો બંને ગુણની યુતિ વાળા માનવી. જ્યારે કળિયુગમાં સત્વગુણ ગણ્યાગાંઠ્યામાં જોવાં મળે! આનાં પરથી એમ કહી શકાય કે યુગનું નામકરણ તે સમયના માનવીય ગુણો પર આધારિત હતું! આજે સમાજમાં સત્વ કે સત્ય ને નામે દેખાડો વધુ થાય છે! પરંતુ સત્વ ગુણ કેળવવો અશક્ય કે અઘરું નથી. આપણા વૈદિક શાસ્ત્રો અનુસાર જીવન જીવાય તો જીવનને પૂર્ણતા સુધી લઈ જઈ શકાય, અને છેક સુધી સ્થિર માનસ ધરાવીને જીવી શકાય, માટે સદગુરુ આવું ચિંતન કરાવી રહ્યા છે. આપણા વૈદિક શાસ્ત્રોની રચના ઘણાં બધાં મહાન ઋષિઓ એ કરી છે, ઋષિ પરંપરા એ ભારતીય સંસ્કૃતિનું આભૂષણ છે. ઋષિ અને સન્યાસીમાં બહુ અંતર છે, ઋષિ સામાન્ય માનવીની જેમ જ સંસારી હોવા છતાં લોકકલ્યાણ માટે ઉપવનમાં રહી તપ કરીને બ્રહ્મ વિદ્યા તેમજ બીજી જીવન જીવવા જરુરી વિદ્યા પ્રાપ્ત કરતાં હતાં, અને પછી આ વિદ્યા સમાજના જુદા જુદા વર્ગ અને કુળ અનુસાર તેમના બાળકને આ વિદ્યાની શિક્ષા આપી તેમને ગુણવાન તેમજ વિદ્યાવાન બનાવતા. ત્રેતાયુગમાં તો કેટલા બધા ઋષિ થઈ ગયા આજે આપણે ભગવાન શ્રી રામના જન્મના મુખ્ય સૂત્રધાર એવા ગુરુ વશિષ્ટ પર ચિંતનમાં વાત કરીશું. આમ તો તેના નામ એટલે કે વશિષ્ઠ જ તેનામાં વિશિષ્ટ ગુણ હોવાની આપણને પ્રતીતિ થાય છે,







જે આપણે આગળ જોઈશું. સર્વપ્રથમ તો રાજા દશરથનાં કુલગુરુ,અને ભગવાન શ્રી રામના ગુરુ તરીકે આપણે સૌ વશિષ્ઠ ઋષિને ઓળખીયે છીએ. વશિષ્ઠ બ્રહ્માના દસ માનસ પુત્ર માના એક છે, અને ભગવાન મનુ પણ આ વાત સાથે સંમત છે. પરંતુ સ્વાયંભુવ મન્વંતરમાં તેમના જન્મનો ઉલ્લેખ જોવા મળે છે. વશિષ્ઠ ઋષિ વરુણદેવ તથા મિત્રા ના સંતાન તરીકે વર્ણવાયા છે. પરંતુ એકવાર દેવોના એક સમારંભમાં વરુણદેવ અને મિત્રા પહોંચ્યાં, ત્યાં આગળ ઉર્વશી નામની અપ્સરાને જોઈ ને વરુણ દેવ મોહગ્રસ્ત થયાં, અને તેમનું તેજ સ્ખલિત થયું, અને આ તેજ અડધું કુંભમાં પડયું, અને અડધું વસુ એટલે કે પાણીમાંથી પડ્યું. આ પાણીમાંથી એમનો ઉદ્ભવ થયો હોવાથી એનું નામ વશિષ્ઠ અને કુંભમાંથી જેનો ઉદ્ભવ થયો તેનું નામ અગસ્ત્ય એટલે કે કુંભજ ઋષિ. વશિષ્ઠ ઉદ્ભવ પામી તરત જ ઉપવનમાં તપ માટે જતાં રહ્યાં હતાં. વેદ વેદાંતમાં પારંગત, તત્વજ્ઞાન તપસ્વી પ્રખર ધનુર વિદ્યાના જાણકાર, ઉત્સાહી, કર્મકાંડી, અને ઉત્તમ વક્તા, અને ઉત્તમ લેખક, એવાં ઋષિ વશિષ્ઠ નો આશ્રમ હિમાલયના એક શિખર પર હતો, અને તેથી એ શિખર હજી પણ વશિષ્ઠ શિખર તરીકે ઓળખાય છે. વશિષ્ઠ ઋષિના લગ્ન કદર્મ ઋષિની પુત્રી અરુંધતી સાથે થયા હતા, અને વશિષ્ઠ ઋષિને ઉર્જા નામની બીજી પત્ની પણ હતી. વશિષ્ઠ ઋષિ એ પોતાની પત્ની અરુંધતી ને કેળવણી આપી જ્ઞાની બનાવી હતી, અને ત્યારબાદ અરુંધતી એ વેદ પર ભાષ્ય લખ્યું હતું. અરુંધતી શક્તિ જેવા સો પુત્રોની માતાનો ઉલ્લેખ બતાવાયો છે. પણ વશિષ્ઠ ઋષિના દસ પુત્રો બતાવ્યા છે. આ ઉપરાંત કામધેનુ ગાયની પુત્રી નંદિની પણ વશિષ્ઠ ઋષિના આશ્રમનું એક નજરાણું હતી, જે અતીથિઓની ઈચ્છા અનુસાર સત્કાર કરવા માટે જાણીતી હતી. વિશ્વામિત્ર પણ નંદિનીને જોઈને તેને મેળવવા માટે લાલાયિત થયા હતાં, પરંતુ બ્રહ્મદેવ જેવા ઋષિનું બ્રહ્મજ્ઞાન જોઈ અને તેમણે પોતાનું ક્ષાત્રત્વ ત્યજી દીધું હતું, અને ત્યારબાદ તેમણે પણ ઋષિની જેમ તપસ્યા શરૂ કરી હતી, અને ઈતિહાસ જણાવે છે તેમ ઋષિ વિશ્વામિત્ર પણ પ્રખર પ્રજ્ઞાવાન અને ગાયત્રી મંત્રના પ્રણેતા બન્યા. નંદીની નામની ગાય વશિષ્ઠ ઋષિને દીલિપ નામના રાજા એ આપી હતી. વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે, અને તેના ૨૧ અધ્યાય બતાવાયા છે. આ ઉપરાંત વસિષ્ઠ નામનો ઋગ્વેદમાં પણ એક અધ્યાય છે. આમ એમણે જીવન પર્યંત વિશિષ્ઠ કાર્ય કરી પોતાના નામને સિધ્ધ કર્યું. ભગવાન શ્રી રામના જન્મ માટેના તે મુખ્ય સૂત્રધાર હતાં, કારણકે પાછલી અવસ્થા સુધી જ્યારે ત્રણ ત્રણ રાણી હોવા છતાં પુત્ર પ્રાપ્તિ ન થઈ, ત્યારે રાજા દશરથ અત્યંત પીડા અનુભવી હતાં, અને તેમણે પોતાના ગુરુ એવા વશિષ્ઠ ઋષિ ને પોતાને મનની વાત કહી. ગુરુ વશિષ્ટ બ્રહ્મ વેત્તા હતાં, અને તેમણે શાસ્ત્ર અનુસાર પુત્રકામેષ્ટિ યજ્ઞ દ્વારા પુત્ર પ્રાપ્તિ થઈ શકે છે, એવું વિધાન રાજાને કહ્યું, અને એ માટે પુત્ર કામેષ્ઠિ યજ્ઞ કરનાર શૃંગી ઋષિનું સૂચન પણ કર્યું. રાજા દશરથ એ આ વાત તરત સ્વીકારી લીધી, અને પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. યજ્ઞનાં અંતે અગ્નિ દેવ પ્રસન્ન થયાં અને પ્રસાદનો ચરુ પ્રાપ્ત થયો, આ પ્રસાદના વિભાજનથી પ્રભુ શ્રી રામનો જન્મ છે, એ વાત આપણે સૌ જાણીએ છીએ. ગુરૂ વશિષ્ઠ દશરથનાં કુલગુરુ હતાં, આ ઉપરાંત એક સાચા અને સારા સલાહકાર પણ હતાં. તેઓ રામાયણ અનુસાર અયોધ્યામાં તેમજ ઉપવનમાં રહેતા હતાં, અને સમયે-સમયે રાજ્ય તેમજ રાજાની સુખાકારી માટે સૂચનો કરતા હતાં. રાજા પ્રજા બન્ને અંદરોઅંદર એકબીજાના સાથ-સહકારથી સુખી રહે છે, એ વાત પણ તેમણે રાજાને સમજાવી હતી. આમ વશિષ્ઠ ઋષિ ત્રેતા યુગ પહેલા પણ હતાં, અને ત્રેતા યુગમાં પ્રભુ શ્રીરામ ના જન્મ તેમજ તેમને બ્રહ્મ વિદ્યા અને ધનુર્વિદ્યા શીખવવા માટેના શ્રેષ્ઠ ગુરુ પણ હતાં. વિધાતાના ખેલને ત્યારે પણ કોઈ સમજી શક્યું નહીં, અને આજે પણ સમજી શકાતાં નથી. જેના ઘર ધન-ધાન્યથી ભરેલા છે, એમને સંતાન નથી હોતાં,જ્યારે ઝૂંપડામાં વસનારાઓ ના ઘરે સંતાનોની લાઈન હશે. એટલે કે મહેલમાં રહેતાં દશરથને સંતાન ન હોવાની ગ્લાનિ હતી, અને આવી ગ્લાનિ યોગ્ય ઠેકાણે રજુ થઈ તો પ્રભુ શ્રીરામ જેવા પુત્ર પ્રાપ્ત થાય. તો શ્રવણના અંધ મા બાપ નો શ્રાપ પણ માત્ર દશરથના મૃત્યુ માટે નહોતો, ભગવાન શ્રી રામના જન્મ માટે પણ કારણભૂત બન્યો. એટલે કે તેમને પુત્ર થાય તો તેના વિયોગમાં તેનું મૃત્યુ બતાવ્યું, એટલે ક્યારેય કોઈનો શ્રાપ પણ આ રીતે શુભ મંગલ કરનારો હોય છે. વિધિ-વિધાન કે વિધાતાના લેખ ભારતીય સંસ્કૃતિની અદકેરી વાત છે, બીજી કોઈ સંસ્કૃતિ કે ધર્મમાં વિધાતાને એટલી સ્ટ્રોંગ રીતે માનવામાં આવતી નથી. આપણા લેખમાં વિધાતાએ શું લખ્યું હશે! તેની ખબર નથી. પરંતુ હિન્દુસ્તાની ધરતી પર જન્મ આપ્યો છે, એટલે કંઈક તો સારું લખ્યું જ હશે, અને કદાચ આપણે જ આ સંસ્કૃતિનું જતન કરી શકીએ, એવું પણ લેખમાં લખ્યું હોય શકે! તો આપણે સૌ એવી સંસ્કૃતિનાં વશંજ છીએ, કે જ્યાં પાણી માંથી પણ પુત્ર પ્રાપ્ત થાય, અને અગ્નિ પણ પ્રસન્ન થઈ પુત્ર માટે વરદાન (પ્રસાદ) આપી શકે છે. હવે તો આ સંસ્કૃતિની મહત્તાને સમજો!! આપણે સૌ વશિષ્ઠ ઋષિ જેમ યુગો યુગો સુધી આ સંસ્કૃતિ માટે કંઈક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

**વાર્તા નાની છે પણ તેનો પાઠ એટલો મોટો છે કે તે આપણને પરમપિતા ભગવાનને ઓળખવા માટે મજબૂર કરે છે**

# જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મન ચંગા તો ગંગા કથરોટમાં ગંગા, હમણાં તમે જોયું કે સાઈઠ સિત્તેર કરોડ ભારતીયોએ મહા કુંભમાં પવિત્ર સ્નાન કરી શુદ્ધ થવા પ્રયત્ન કર્યો, પરંતુ જો મન શુદ્ધ ન બન્યું તો? કાયા ભલે નિર્મળ ન હોય તો ચાલશે પણ મન ને શુદ્ધ નિર્મળ કરો, ભલે હજારો માનવ જીવન હોય.. ચિંતકોએ મન વિશે ઘણું લખ્યું છે, મન ને નાથે તે નાથ બીજ બધા અનાથ.**

વિદ્યાર્થી ભાઈ બહેનો માટે અત્યારે પરિક્ષાનો સમય શરૂ થયો છે લગભગ માર્ચ એપ્રિલ અને મે ના પ્રથમ સપ્તાહ સુધી પરીક્ષાઓ ચાલશે પછી પરિણામ પ્રાપ્ત જેવી તૈયારીઓ કરી હશે તેવું જ પરિણામ મળશે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી જોઈએ તો દુનિયામાં માણસ એક માત્ર એવું પ્રાણી છે જે પડવું હોય તો પ્રાણીઓ કરતાં પણ નીચે પડી શકે છે. અને જો તે ચડવા માંગે છે, તો તે દેવતાઓ થી પણ ઉપર જઈ શકે છે. મન ચંગા તો ગંગા કથરોટમાં ગંગા, હમણાં તમે જોયું કે સાઈઠ સિત્તેર કરોડ ભારતીયોએ મહા કુંભમાં પવિત્ર સ્નાન કરી શુદ્ધ થવા પ્રયત્ન કર્યો. પરંતુ જો મન શુદ્ધ ન બન્યું તો ? કાયા ભલે નિર્મળ ન હોય તો ચાલશે પણ મન ને શુદ્ધ નિર્મળ કરો, ભલે હજારો માનવ જીવન હોય.. ચિંતકોએ મન વિશે ઘણું લખ્યું છે, મન ને નાથે તે નાથ બીજ બધા અનાથ.વાર્તા નાની છે પણ તેનો પાઠ એટલો મોટો છે કે તે આપણને પરમપિતા ભગવાનને ઓળખવા માટે મજબૂર કરે છે. વાર્તા ખૂબ જ રસપ્રદ અને રમુજી છે. એક શેઠજી હતા.તેમનો વેપાર દેશ-વિદેશમાં ફેલાયેલો હતો. એક સમયે શહેરમાં મેળો ભરાયો, શેઠજી પણ મેળામાં દર્શન કરવા નીકળ્યા ગયા. મેળામાં તેમને એક માણસ મળ્યો. તેણે પોતાની પાસે રહેલી બોટલ અને તેમાં રહેલ જીન વેચવાનું કહ્યું. શેઠજીએ પૂછયું, તમે જે વેચો છો તેની કિંમત અને તેની વિશેષતા શું છે તે કહો. તે વ્યક્તિએ જવાબ આપ્યો, તમે તેને જે પણ કામ કહો,તે આંખના પલકારામાં તરત જ તમારા માટે કરી દેશે, પછી ભલે તે દેશનું હોય કે પરદેશનું,હું તો કહું છું કે દુનિયા માં એવું કોઈ કામ નથી જે તે ન કરી શકે. શેઠજી બહુ ખુશ થયા. તેમને દેશ- વિદેશમાં કામ કરી શકે તેવા કામ દાર વ્યક્તિની જરૂર હતી. આ જીન તમને એક કલાકનું કામ એક મિનિટમાં અને એક દિવસનું કામ એક કલાકમાં આપશે. શેઠજી આશ્ચર્યચકિત થઈ ગયા. તે એક



આશ્ચર્યજનક બાબત છે. મારે આવા જ માણસની જરૂર છે.શેઠજીએ તે વ્યક્તિને પૂછ્યું કે તમે તેને કયા ભાવે વેચી શકો છો. વ્યક્તિએ કહ્યું, હું તેને માત્ર એક હજારમાં વેચી શકું છું. હા, હું તમને એક વાત કહેવાનું ભૂલી ગયો અને તે એ છેકે જીનને કામ સોંપવું પડશે.તે કામ વગર બેસી શકતો નથી.તેણે કામ સતત કહેતા રહેવું પડશે.જો તમે તેને કામ નહીં સોંપો, તો તે તમને ખાઈ જશે. શેઠજીએ એ સાંભળીને વિચાર કર્યો અને પાછળથી કહ્યું કે એવું હોય તો હું જીન મુક્ત રાખું તો એ મને ખાઈ જશે ને? મારો વ્યવસાય દેશ અને વિદેશમાં છે. એટલું કામ છેકે જીનનું આખું જીવન લાગી જશે.મારું કામ અહીં ક્યારેય પૂરું થતું નથી. શેઠજીએ પેલા માણસને કહ્યું કે તમે ચિંતા ન કરો, હું કામથી મુક્ત નહીં થઈશ. શેઠજીએ જીન લઈને ઘરે આવવું જોઈએ. ઘરની સાફ- સફાઈ અને અન્ય નાના-મોટા કામો કરાવો અને બાદમાં દેશ- વિદેશમાં ચાલતા ધંધાના મોટા કામો કરાવો. શેઠજીનું બધું કામ ઝડપથી પૂરું કરીને જીન શેઠજી પાસે આવીને ઊભો રહ્યો. શેઠજીએ વિચાર્યું કે હવે શું કામ કહું? તે વિચારમાં મગ્ન હતો કે જો હું જીનને કામ નહીં કહું તો તે મને ખાઈ જશે. જીન પણ શેઠજી પાસે આવ્યો અને તેમને કહ્યું કે કામ કહો નહીં તો મરવા તૈયાર થઈ જાઓ. શેઠજી ગભરાઈ ગયા.વીજળીની ઝડપે દોડતો તે તેના ગુરુના આશ્રમમાં પહોંચ્યો જે શહેરની બહાર હતો.ત્યાં સત્સંગ ચાલતો હતો. શેઠજીએ મહાત્માજીના ચરણોમાં પ્રણામ કર્યા અને તેમને તેમની મુશ્કેલીમાંથી બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા. શેઠજીએ જીન વિશેની આખી વાર્તા મહાત્માજીને સંભળાવી. મહાત્માજીએ શેઠજીને કહ્યું કે ચિંતા ન કરો,મારી પાસે તેનો ઉપાય છે. શેઠજીના જીવનમાં પુનઃજીવ આવ્યો. મહાત્માજીએ ઉપાય સમજાવતા શેઠજીને કહ્યું કે તમે જીન પાસે વિશ્વનો સૌથી મોટો વાંસ મંગાવી લો અને તેને તમારા ઘરના આંગણાની સામે અથવા નજીકમાં દાટી દેવાનું કહો.અને પછી જો જીન પાસે બીજું કોઈ કામ ન હોય ત્યારે એક કામ કરો, જીનને કહેવાનું કે જ્યાં સુધી હું તને બોલાવું નહીં ત્યાં સુધી આ વાંસ ઉપર ચડઉતર એટલે કે આરોહણ અને અવરોહની પ્રક્રિયા ચાલુ રાખે. શેઠજી ખૂબ જ ખુશ થયા અને જીનને કહ્યું કે કામ ક્યારેય પૂરું થતું નથી. મેં મહાત્માજીને વંદન કર્યા અને તેમને કહ્યું કે તમે મારી સમસ્યાનું નિરાકરણ પળવારમાં કરી દીધું. શેઠજીએ ઋષિ મહાત્માએ જે કહ્યું હતું તે કર્યું. વિશ્વનો સૌથી મોટો વાંસ મંગાવ્યો અને તેને તેમના આંગણામાં રોપાવેલો અને જીનને કહ્યું કે આ વાંસ ઉપર ચડઉતર કર. મિત્રો,આ વાર્તા જીન અને વાંસની નથી પરંતુ તે આપણા બધાના જીવન સાથે જોડાયેલી છે.આ વાર્તા ખૂબ જ રમુજી છે. તેનો હેતુ આના કરતાં સો ગણો વધુ આનંદનો છે. અહીં વાંસ એટલે તમારી દ્રષ્ટિ અને જીન એટલે તમારું મન. આપણું મન જનીન જેવું છે. તેને દરેક વખતે કામ જણાવવું પડે છે. જો તમે મને તમારું કામ નહિ કહો તો તમારું મન તમને અનુસરશે. તે તમને ખાઈ પણ જશે.એક ગુજરાતી કહેવત છે કે કામ વગરનું મન એ શેતાનનું કારખાનું છે. ફિલોસોફરોએ બીજી વાત પણ કહી છે કે આ વાંસ આપણો પરિપ્રેક્ષ્ય છે. ઉપર વાંસ લેતી વખતે એટલે કે દરેક શ્વાસ લેતી વખતે તેને સોહમના જાપ સાથે જોડો. ઊંઘમાં શ્વાસ લેતી વખતે અને શ્વાસ છોડતી વખતે તેને અહમના અજપ જાપ સાથે જોડો. એટલે કે ધ્યાન કરો.જો તમારા સંકલ્પો મજબુત હશે તો જીવનમાં કંઈ પણ પ્રાપ્ત કરવું હવે અશક્ય નથી માત્ર મહાન સંકલ્પો જ મહાન લક્ષ્યોની સિદ્ધિ તરફ દોરી જાય છે.ઠરાવમાંમહાન શક્તિ છે. સંકલ્પના બળ પર જ વાંદરાઓ સમુદ્ર પર સેતુ સ્થાપિત કરી શક્યા અને નિશ્ચય ના બળ પર જ પાંડવોએ મહા ભારતનું યુદ્ધ જીત્યું. જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે. જેટલી વાર આપણા નિર્ણયો બદલાતા રહે છે,તેટલી જ આપણી સફળતા પર અસર થશે. આ ધરતી પર મહાપુરુષો દ્વારા જે પણ સર્જન થયું છે તે સાનુકૂળ સંજોગોને કારણે નહીં પરંતુ માત્ર નિશ્ચયની શક્તિને કારણે થયું છે. નિશ્ચય સાથે મજબૂત બનો, કોઈ પણ કાર્ય અશક્ય નથી. ભગવાનનું સ્મરણ શ્વાસ અને ઉચ્છવાસને જોડે છે પછી જીવન અર્થની દિશામાં આગળ વધશે. મન શુદ્ધ થશે અને મન મુક્ત થશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે એક સરસ દૃષ્ટાંત થકી ચિંતન મનન કરવા પ્રયત્ન કર્યો.. પરીક્ષા લક્ષી તૈયારીઓમાં મનની એકાગ્રતા જળવાય તેવા પ્રયત્ન કરો તેવી સોનેરી સલાહ સાથે wish you all the best.

# બોબી દેઓલના મોમાં છાપેલા કાટલા જેવા ડાયલોગ નોતા મુકવા એટલે મૌન બતાવ્યો

## બોબી વિલનની ભૂમિકામાં હતો, તેનું પાત્ર ન તો બોલી શકતું હતું કે ન તો સાંભળી શકતું હતું

રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. આમાં બોબી દેઓલે નકારાત્મક ભૂમિકા ભજવી હતી. આ પાત્ર બહેરું અને મૂંગું હતું. જેના પર હવે દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ પોતાનું મૌન તોડ્યું છે. તેણે કહ્યું કે તેણે બોબીને એવો રોલ આપ્યો છે કે તેને એ જ જૂના સંવાદો બોલવા ન પડે.ફિલ્મ 'એનિમલ' વર્ષ ૨૦૨૩ માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તેમાં રણબીર કપૂર, રશ્મિકા મંદાના અને બોબી દેઓલ મુખ્ય ભૂમિકામાં હતા. બોબી વિલનની ભૂમિકામાં હતો. તેનું પાત્ર ન તો બોલી શકતું હતું કે ન તો સાંભળી શકતું હતું. હવે ફિલ્મના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ આ અંગે પોતાનું મૌન તોડ્યું છે અને તેની પાછળનું કારણ પણ જાહેર કર્યુ છે. તેમને કહ્યું હતું કે પુનરાવર્તિત પેટર્નને અનુસરવાને બદલે,



તેણે બોબીના પાત્ર માટે એક અલગ રસ્તો શોધવાનું નક્કી કર્યું. 'એનિમલ' માં, બોબી વાર્તામાં ખૂબ પાછળથી દેખાય છે. પહેલા ભાગમાં રણબીરનો ડરામણો દેખાવ અને અનિલ કપૂર દ્વારા ભજવવામાં આવેલ પપ્પાનું પાત્ર બતાવવામાં આવ્યું છે આ ફિલ્મમાં ભાવનાત્મક અને પારિવારિક નાટકનો સમાવેશ થાય છે, તેથી બોબીના પાત્ર માટે સંવાદો ઘટાડવાનો સંદીપનો નિર્ણય એક મોટું અને નવું પગલું સાબિત થયું. તેમણે કહ્યું, 'આપણે ફિલ્મોમાં આવા ઘણા સંવાદો જોયા હોવાથી, મને લાગ્યું કે તેમને મૂંગા અને બહેરા વ્યક્તિ તરીકે દર્શાવવું રસપ્રદ રહેશે.' જે પાત્ર બોલી કે સાંભળી શકતું નથી તેને લડતા જોવાનો વિચાર મારા માટે ખૂબ જ રોમાંચક હતો.'એનિમલ'માં વિલન બન્યા પછી, બોબી દેઓલની કારકિર્દીમાં એક નવો તબક્કો શરૂ થયો.

# સ્ટાઈલિસ્ટને દિવસના ૨ લાખ આપી દેવા એ નરી મૂર્ખામી : જોન અબ્રાહમ

છેલ્લાં કેટલાંક વખતથી ફિલ્મ સ્ટાર્સના ઓન્ટ્રાજ પાછળના મહાકાય ખર્ચની ચર્ચાઓ ચાલે છે, કેટલાંક લોકો તેને યોગ્ય ગણાવે છે, તો કોઈ તેને ઈન્ડસ્ટ્રી માટે નુકસાનકારક માને છે. તાજેતરમાં જોન અબ્રાહમે પણ આ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેણે કહ્યું કે ઓન્ટ્રાજના ખર્ચને કારણે ઈન્ડસ્ટ્રીને ભોગવવું પડે છે. તેણે કહ્યું કે એક સ્ટાઈલિસ્ટને દિવસના બે લાખ આપવા એ ગાંડપણ છે. તેણે કલાકારોને આ વાત પર મનોમંથન કરવા કહ્યું. જોને કહ્યું, "તેનાથી હિન્દી સિનેમાનું નુકસાન થઈ રહ્યું છે. હાલ આપણે ફિલ્મના મોટા બજેટ વિશે જો સ્પષ્ટતા ન આપી શકીએ તો આપણે લોકોને ફિલ્મમાં કામ કરવા માટે પેમેન્ટ ન આપી શકીએ. આપણે જે મોટી ફી ચૂકવીએ છીએ અને તેની સાથે આપણે ફિલ્મના ઓન્ટ્રાજનો ખર્ચો ફિલ્મ પર ન નાખી શકીએ. આ મૂર્ખામી છે. ખબર નહીં કલાકારોની આ વિચારધારા છે કે પછી તેમના એજન્ટ તેમને આ રીતે વિચારવા મજબુર કરે છે. હું સમજું છું કે તમને એક ફુગ્ગાની અંદર પુરી દેવાય છે પણ તમે એટલા મૂર્ખ તો ન જ બની શકો. તમારે દુનિયાની વાસ્તવિકતા જોવી જોઈએ. "જોને કહ્યું કે બધાની પહેલાં તો કલાકારોએ પોતાની ફી ઘટાડવાની જરૂર છે અને ડિરેક્ટર પાસેથી સાંભળવાની તૈયારી રાખવી જોઈએ કે તેઓ જે ફી માગે છે, તેઓ તેને લાયક નથી.



જોન્હે કહ્યું, "શરૂઆત એ રીતે કરવી જોઈએ કે પહેલાં તો તમારા પોતાના ખર્ચની રકમ ઘટાડો. જ્યારે તમને ડિરેક્ટર કહે કે તમારું એટલું બધું મુલ્ય નથી, તો તમારે એ વાતને ધ્યાન પર લેવી જોઈએ. આપણે હજુ સુધી એ વાત સમજતાં નથી. આપણે આપણી જાતની બીજા કલાકારો સાથે સરખામણી કરવા માંડીએ છીએ અને આપણે આપણી ફી જગજાહેર કરવી હોય છે એ સૌથી ખરાબ બાબત છે." જોને આગળ કહ્યું, "કલાકારોએ સમજવું પડશે કે આપણે ઊંડાં અંધારા કૂવામાં ધકેલાઈ રહ્યાં છીએ. કલાકારોએ તો ફિલ્મનો આધાર બનીને કામ કરવું જોઈએ. કલાકારોએ એવું કહેવું જોઈએ કે ફિલ્મને ફાયદો થશે તો મારો પણ ફાયદો થશે કારણ કે આપણે આપણા લાખો કમાઈ લીધા છે. તમે સીસ્ટમને કેટલી હદ સુધી ચૂસી લેશો કે એ સુકાઈ જાય?"

# મોનાલિસાએ પહેલા જ સ્ટેજ પરફોર્મન્સમાં કહ્યું, આઈ લવ યુ

## મહાશિવરાત્રીના અવસર પર, મોનાલિસાને નેપાળમાં આયોજિત એક કાર્યક્રમમાં મહેમાન તરીકે આમંત્રણ અપાયુ હતું

મોનાલિસા મહાશિવરાત્રી નિમિત્તે આયોજિત એક કાર્યક્રમ માટે નેપાળ પહોંચી હતી. અહીં તેમણે પહેલી વાર નૃત્ય પ્રદર્શન આપ્યું હતું.મહાકુંભ મેળાની વાયરલ ગર્લ મોનાલિસાએ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. એક સાદી છોકરીમાંથી, મોનાલિસા હવે સોશિયલ મીડિયા પ્રભાવક બની ગઈ છે અને એક લોકપ્રિય વ્યક્તિત્વ તરીકે ઉભરી આવી છે. તેમની લોકપ્રિયતાએ ઘણા લોકોને આશ્ચર્યચકિત અને પ્રેરણા આપી છે. મોનાલિસાને અચાનક મળેલી ખ્યાતિએ તેને ફિલ્મની ઓફર મેળવવામાં પણ મદદ કરી. પોતાની ફિલ્મ માટે સમાચારમાં રહેવા ઉપરાંત, મોનાલિસાએ આ મહિનાની શરૂઆતમાં કેરળમાં એક કાર્યક્રમમાં આમંત્રણ મળ્યા પછી પણ ધ્યાન ખેંચ્યું હતું.હવે ફરી એકવાર તે પોતાના દેખાવને કારણે લોકોમાં ચર્ચામાં છે. મહાશિવરાત્રીના અવસર પર, મોનાલિસા ભોંસલેને નેપાળમાં આયોજિક્ત એક કાર્યક્રમમાં મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, મોનાલિસાએ મોટી સંખ્યામાં આવેલા લોકો સાથે વાત કરી. તેમણે ત્યાં હાજર દર્શકો સમક્ષ પોતાના ડાન્સ મૂવ્સ પણ બતાવ્યા. આ વીડિયોને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરતા, તેણે કેપ્શનમાં લખ્યું, "મેરી મૌલાપુર નેપાળ મહાશિવરાત્રી મહોત્સવ લાઈવ સ્ટેજ પર્ફોર્મન્સ ૨૦૨૫. મોનાલિસા ભોંસલે ૦૮.આ દરમિયાન દિગ્દર્શક સનોજ મિશ્રા પણ તેમની સાથે હતા. મોનાલિસા સાથે ફિલ્મ



સાઈન કરનાર સનોજે પોતાના પાત્ર વિશે વિગતવાર વાત કરી. તેણીએ જણાવ્યું, "મોનાલિસા એક નીચલા મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે. તે એક વિચરતી સ્ત્રી છે અને તેનો પરિવાર પોતાની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે માળા વેચીને ગુજરાન ચલાવે છે. તેનું પાત્ર મણિપુરના એક નિવૃત્ત સૈન્ય જવાનની પુત્રી છે જે સેનામાં જોડાવા માંગે છે. તે તેનું સ્વપ્ન છે. તેના સ્વપ્નને પૂર્ણ કરવા માટે તેને કેવા પ્રકારની સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે, તેને કેવા સંઘર્ષોનો સામનો કરવો પડે છે અને તે તેના સ્વપ્નને કેવી રીતે પૂર્ણ કરવામાં સક્ષમ છે તે ફિલ્મ વિશે છે. મહાકુંભ વાયરલ ગર્લ મોનાલિસાએ સોશિયલ મીડિયા પર એક નવો વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં તે તેના ફોલોઅર્સને 'જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ' આપે છે. મહાકુંભ વાયરલ ગર્લ મોનાલિસા ભોંસલે સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. આ વર્ષે જ્યારથી ઈન્ટરનેટ પર લોકોએ તેને શોધી કાઢી છે, ત્યારથી તે જે કંઈ પણ શેર કરે છે અથવા કરે છે તે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ જાય છે. તેના ફોટાથી લઈને તેના જાહેર દેખાવ સુધી, મોનાલિસા તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર બધું જ શેર કરી રહી છે. તેણે ફિલ્મોનો ભાગ બનવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. એવું લાગે છે કે મોનાલિસા "અભિનેત્રી" બનવા માટે તેના મૂળભૂત પાઠ શરૂ કરી રહી છે. નેપાળમાં, તેણીએ મહાશિવરાત્રી ઉજવણી દરમિયાન લાઈવ પ્રેક્ષકો માટે નૃત્ય કર્યું. આજે, તેણીએ એક વિડિઓ શેર કર્યો જેમાં તે કિશોર કુમારના ગીત 'દુનિયા મેં રહેના હૈ તો' પર લિપ-સિંકિંગ અને નૃત્ય કરી રહી છે. વિડિઓમાં, તે એક પુરુષ અને બે અન્ય યુવતીઓ સાથે છે. મહાકુંભ વાયરલ ગર્લ સ્ટેપ્સ પર એક્સપ્રેશન, લિપ સિંક અને ડાન્સ આપવા માટે ખૂબ જ પ્રયાસ કરી રહી છે. પરંતુ તે ચોક્કસપણે "પ્રક્રિયા"નો આનંદ માણી રહી હોય તેવું લાગે છે કે તે સોશિયલ મીડિયા પર વારંવાર આવા વીડિયો શેર કરતી રહેશે જેથી તેના ફોલોઅર્સને તેના રોજિંદા જીવન વિશે અપડેટ રાખી શકાય.

# હેરાફેરી ફિલ્મ અભિનેત્રી તબુને ઘરે પરત ફરવા જેવો અનુભવ

## ૨૦૦૦માં આવેલી એ ફિલ્મમાં અનુરાધા નામની છોકરીનો રોલ કર્યો હતો અને તે સુનિલ શેટ્ટીની પ્રેમિકા હતી

તબુ 'હેરાફેરી'માં પ્રિયદર્શન સાથે કામ કરી ચૂકી છે અને હવે ફરી વખત તે 'ભૂતબંગલા'માં એક મહત્વનો રોલ કરી રહી છે. પ્રિયદર્શનની આ ફિલ્મમાં અક્ષય કુમાર લીડ રોલમાં છે. તાજેતરમાં તબુએ 'હેરાફેરી'ના વર્ષો પછી ફરી આ જોડી સાથે કામ કરવાના અનુભવો વિશે વાત કરી હતી. તબુએ ૨૦૦૦માં આવેલી એ ફિલ્મમાં અનુરાધા નામની છોકરીનો રોલ કર્યો હતો અને તે સુનિલ શેટ્ટીની પ્રેમિકા હતી. પોતાના અનુભવો અંગે તબુએ કહ્યું કે તેને આ જોડી સાથે કામ કરીને



ઘેર પાછી આવી હોય એવું લાગે છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં તબુએ કહ્યું, "હું બહ જ ઉત્સુક છું કારણ કે એક્તા કપૂર સાથે 'ક્રૂ'માં કામ કર્યા પછી હવે, ૨૦૦૦ પછી હું અક્ષય કુમાર અને પ્રિયદર્શન સાથે કામ કરી રહી છું. આ બહુ વિચિત્ર છે કારણ કે મને જાણે ઘેર પાછી જતી હોય એવું લાગે છે. મેં ઘણા વર્ષોથી અક્ષય કુમાર અને પ્રિયદર્શન સાથે કામ કર્યું નથી. આ પાછલા વર્ષોમાં હું અક્ષયને તો મળી પણ નથી, છતાં તેની સાથે કામ કરવામાં હું બહુ સહજ હોઊં છું. મને બિલકુલ એવું નથી થતું કે હે ભગવાન, કશુંક નવું શરૂ કરવાનું છે કારણ કે આ લોકોને હું ઘણા સમયથી ઓળખું છું. હું એ જોવા ઉત્સુક છું કે એમની સાથે આટલા વર્ષો પછી કામ કરવાનું કેવું લાગે છે. મને તો ઘર જેવો જ અનુભવ થાય છે."તબુએ ગયા મહિને જાહેર કર્યુ હતું કે તે 'ભૂત બંગલામાં' કામ કરી રહી છે. તેણે ભૂત બંગલા લખેલાં ક્લેપબોર્ડની તસવીર શેર કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું હતું કે 'અમે અહીં બંધ છીએ.' તબ્બુ, અક્ષય કુમાર અને પરેશ રાવલ સાથે આ ફિલ્મમાં વામિકા ગબ્બી, રાજપાલ યાદવ અને ગોવર્ધન અસરાની પણ મહત્વના રોલમાં જોવા મળશે.



હેલી બેરી પોતાના જીવનમાં ત્રણ વખત ડિવોર્સનું દુઃખ વેઠી ચૂકી છે, એક્ટ્રેસના બે બાળકો છે

# લવ લાઈફ અંગે ટ્રોલ્સ પાછળ, અભિનેત્રીએ કહી આપવીતી

હોલિવૂડ એક્ટ્રેસ હેલી બેરીએ પોતાની લવ લાઈફની ટીકા કરનારને આકરો જવાબ આપ્યો છે. તાજેતરમાં જ એક્ટ્રેસ 'ધ ડૂ બેરીમોર શો' માં પહોંચી હતી. જ્યાં તેણે ટ્રોલિંગ પર વાત કરી. હેલી બેરીને એ કહીને ટ્રોલ કરવામાં આવે છે કે તે કોઈ પાર્ટનર રાખી શકતી નથી પરંતુ ઓસ્કાર વિનર એક્ટ્રેસે હવે સ્પષ્ટ કરી દીધું છે કે ખોટા માણસની સાથે રહેવા કરતાં સિંગલ રહેવું સારું હોય છે.હેલીએ કહ્યું, 'મે લોકોને કહેતાં સાંભળ્યાં છે કે ઓહ હેલી બેરી માં કંઈક તો ગડબડ છે કે તે કોઈ પુરુષને પોતાની પાસે રાખી શકતી નથી. કોણે કહ્યું હું કોઈ પુરુષને પોતાની પાસે રાખી શકતી નથી. હું કોઈ ખોટા વ્યક્તિ સાથે રહેવા માગતી નથી. હું પાગલ નથી. આપણે સૌ ભૂલો કરીએ છીએ અને અમારી પાસે હક છે એ બોલવાનો કે અરે મારાથી ભૂલ થઈ ગઈ. ચાલો બીજી વખત શરૂ કરીએ છીએ. અમારી પાસે તે કરવાનો અધિકાર છે.હેલી બેરી પોતાના જીવનમાં ત્રણ વખત ડિવોર્સનું દુઃખ વેઠી ચૂકી છે. એક્ટ્રેસના બે બાળકો છે. એક પુત્રી નાહલા, જેનો જન્મ એક્સ હસબન્ડ ગેબ્રિયલ ઓબરીથી થયો હતો



### ત્રણ વખત છુટાછેડાની પીડા સહન કરી

અને એક પુત્ર માસિયો જેનો જન્મ તેના એક્સ હસબન્ડ ઓલિવિએર માર્ટિનેજથી થયો. શો પર હેલી બેરીએ જે વાત કહી તેનાથી ઈન્ટરનેટ પર તેની મહિલા ચાહકો ખૂબ ખુશ થઈ ગઈ છે. ઘણા ચાહકોએ હેલીની વાત પર સહમતિ પણ વ્યક્ત કરી છે. યુઝર્સે એ સવાલ પણ ઉઠાવ્યો કે કોઈ પુરુષને પોતાની પાર્ટનરને યોગ્ય રીતે ના રાખી શકવાનો સવાલ કેમ કરતાં નથી. વર્ષ ૨૦૨૦થી હેલી બેરી મ્યૂઝિશિયન વેન હન્ટે ડેટ કરી રહી છે.


### ઇમ્તિઆઝ અલીની સિરીઝનું કામ શરૂ

# એક્ટિંગ હવે પૈસાવાળાનો ધંધો, કળા રહી નથી રહી: અવિનાશ

## અવિનાશ તિવારીએ ફિલ્મોમાં શરૂઆત તો જોરદાર કરી હતી, તેણે ઇમ્તિઆઝની 'લૈલા મજનુ' જેવી ફિલ્મો સાથે કેરિરની શરૂઆત કરી હતી



અવિનાશ તિવારીએ ફિલ્મોમાં શરૂઆત તો જોરદાર કરી હતી, તેણે ઈમ્તિઆઝ અલીની 'લૈલા મજનુ' જેવી ફિલ્મો સાથે કેરિરની શરૂઆત કરી હતી. પછીથી એ ઓટીટી માટેનો સફળ કલકાર બની ગયો. તાજેતરમાં જ તેની બીજી એક ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ છે, 'ધ મહેતા બોય્ઝ' જે બોમન ઈરાની દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ પહેલાં તેણે 'સિકંદર કા મુકદર'માં પણ જોરદાર અભિનય કર્યો હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે ફિલ્મોની દુનિયા અને અભિનય અંગે વાત કરી હતી. અવિનાશ તિવારીએ કહ્યું, "પાંચ દિવસ તમને સારું લાગે છે અને પછીના દસ દિવસ તમને એવું લાગે કે આવું તે કંઈ જીવન હોય. ફરી પાંચ દિવસ એવા જાય કે તમને લાગે, વાહ આને જીવન કહેવાય. મારું જીવન હંમેશા આવું જ રહ્યું છે."છેલ્લાં દસ વર્ષમાં ઘણી મહેનતથી અવિનાશ તિવારીએ પોતાનું એક સ્થાન બનાવ્યું છે. ત્યારે પોતાના કામમાં આવેલાં પડકારો વિશે અવિનાશ કહે છે, "એક્ટિંગ સિવાય આ કામમાં જે પણ જોડાયેલું છે એ બધું જ મારા માટે ચૅલેન્જિંગ છે. તમારે એક મહિનામાં દસ ઈવેન્ટમાં હાજર રહેવાનું હોય તો એમાં ક્યા કપડાં પહેરવા એ જ મારા માટે માથાનો દુઃખાવો છે. તેના માટે તમે એક ટીમ રાખો અને એ તમારા આસપાસના માહોલમાં વહી જાય અને તમારા માટે તમારી ઓળખ જાળવી રાખવાનું મુશ્કેલ બની જાય. તમારે તમારી ખરી ઓળખ જાળવી રાખવું એ બધો પૈસાનો ખેલ બની ગયો છે. બધું જ પૈસાથી ચાલે છે, એક્ટિંગ હવે એક અમીર માણસનો બિઝનેસ બની ગયો છે. આ હવે માત્ર એક કળા અને કૌશલ્ય નથી રહી, એક બિઝનેસ બની ગઈ છે. આ બધું મારા માટે ચૅલેન્જિંગ છે."ધ મહેતા બોય્ઝ પછી હવે અવિનાશ તિવારી અદિતિ રાવ હૈદરી સાથે ઈમ્તિઆઝ અલીની સિરીઝમાં કામ કરી રહ્યો છે. જેમાં તેની સાથે અર્જૂન રામપાલ અને અહેસાસ ચન્ના જેવા કલાકારો પણ છે. ૨૫ ફેબ્રુઆરીથી આ સિરીઝનું શૂટ શરૂ થઈ ચૂક્યું છે. આ સિરીઝની વાર્તા અંગે હજુ ખાસ માહિતી નથી પરંતુ આ એક ઈમોશનલ એક્સ્ટ્રા મેરીટલ અફેરની સ્ટોરી હશે. જેનું નામ 'ઓ સાથી રે' આપવામાં આવ્યું છે અને આ સિરીઝ નેટફ્લિક્સ પર આવશે. તેમાં જુના જમાનાના લોકોની મોડર્ન સ્ટોરી છે. આ ફિલ્મ વિશે ઈમ્તાઆઝ અલીએ કહ્યું, "આ ફિલ્મની વાર્તાએ દરેક પડાવ પર મને આશ્ચર્ય પમાડ્યું છે. સ્ટોરી આજની હોવા છતાં તેની લાગણીઓ અનંત છે. નેટફ્લિક્સે આ કાલપ્રિક વાર્તાને સ્વરુપ આપવાનું શક્ય બનાવ્યું છે."



### માનો રોલ ઓફર થયો હતો

### બાગબાન ફિલ્મે દુનિયાભરમાં ૪૧ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો

# બાગબાન માટે પહેલી પસંદ અભિનેત્રી તબ્બુ હતી

અહી એક એવી હીરોઈન વિશે વાત થઈ રહી છે જે બોલીવુડ એક્ટ્રેસની સિલ્વર સ્ક્રીન પર અજય દેવગન સાથે જોડી હિટ રહી છે. તેણે પોતાના કરિયરમાં કેટલીય સફળ ફિલ્મો આપી છે. ૩૨ વર્ષની ઉંમરે એક્ટ્રેસને માનો રોલ ઓફર થયો હતો. પણ તેણે ઘસીને ના પાડી દીધી. તે છે તબ્બુ.તબ્બુ બોલીવુડની સફળ હીરોઈનોમાંથી એક છે. છેલ્લા ૩૦ વર્ષોથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. તેણે પોતાના કરિયરમાં લગભગ તમામ હીરો સાથે કામ કર્યુ છે. ખાસ કરીને અજય દેવગન સાથે તેની જોડી હિટ રહી છે. તેણે અજય દેવગન સાથે કેટલીય હિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે, જેમાં દ્રશ્યમ, દ્રશ્યમ ૨, હકીકત, ગોલમાલ અગેન, દે દે પ્યાર દે અને અન્ય ફિલ્મો સામેલ છે.વર્ષ ૨૦૦૩માં અમિતાભ બચ્ચનની ફિલ્મ બાગબાન રિલીઝ થઈ હતી. તેમાં બિગ બી સાથે હેમા માલિનીએ જોડી બનાવી હતી. આમ તો ફિલ્મની પહેલી ચોઈસ તબ્બુ હતી. તેને હેમા માલિનીનો રોલ ઓફર થયો હતો. ડાયરેક્ટર રવિ ચોપડાની પત્ની રેણુ ચોપડાએ જણાવ્યું કે, બાગબાન ફિલ્મ તબ્બુને મળી



હતી.હાલમાં જ પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યૂમાં રેણુ ચોપડાએ ખુલાસો કર્યો કે, બાગબાન ફિલ્મમાં અમિતાભ બચ્ચનની પત્નીનું પાત્ર નિભાવવા માટે પહેલી પસંદ તબ્બુ હતી, પણ તે સિલ્વર સ્ક્રીન પર ચાર મોટા છોકરાઓની મા બનવા નહોતી માગતી. રેણુએ જણાવ્યું કે, "અમે તબ્બુને કાસ્ટ કરવાનું વિચાર્યુ અને તે ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળ્યા બાદ રડી પડી અને તેને સ્ક્રિપ્ટ ખૂબ જ પસંદ આવી છે. મને લાગ્યું કે, તે આ ફિલ્મ માટે જરૂરથી હા પાડશે. મારી સાથે કોઈ બેઠું હતું અને તેણે કહ્યું કે, જ્યારે તબ્બુ ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળીને રડે છે, તો તે ક્યારેય તે ફિલ્મ કરતી નથીતેણે કહ્યું કે, "મેં તબ્બુને પૂછ્યું કે આપ ફિલ્મ નહીં કરો? તો તેણે કહ્યું કે, તેને કહાની તો ખૂબ પસંદ આવી છે, પણ ચાર બાળકોની માતાનું પાત્ર નહીં ભજવું. મારુ આખું કરિયર હજુ મારી સામે છે. રવિજી મને માફ કરી દો." વર્ષ ૨૦૦૩માં ફિલ્મ જ્યારે રિલીઝ થઈ, ત્યારે તબ્બુની ઉંમર લગભગ ૩૨ હતી અને તે સમયે અમિતાભ બચ્ચન ૬૧ વર્ષના હતા. રેણુ ચોપડાએ ઈન્ટરવ્યૂ દરમ્યાન એવું પણ કહ્યું કે, રિલીઝ બાદ બાગબાનને શરૂઆતી ચાર દિવસ સુધી દર્શકો મળ્યા નહીં. પણ પાંચમા દિવસે એટલે કે મંગળવારે ફિલ્મને રફતાર પકડી અને બોક્સ ઓફિસ પર મોટી સફળતા મળી. આ ફિલ્મમાં સલમાન ખાને કેમિયો કર્યો હતો.એક રિપોર્ટ અનુસાર, બાગબાન ફિલ્મે દુનિયાભરમાં ૪૧ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. બોક્સ ઓફિસ પર મૂવી મોટી હિટ સાબિત થઈ હતી. તેમાં મહિમા ચૌધરી, અમન વર્મા, સમીર સોની અને સાહિત ચઢ્ઢા જેવા સ્ટાર મહત્વના પાત્રોમાં હતા.

પોષણ ઉત્સવ ૨૦૨૪ અંતર્ગત

# ગુજરાત વિધાનસભા નાયબ દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને વઘઇ ખાતે સુરત ઝોન કક્ષાનો કાર્યક્રમ યોજાયો : બાળકો પોષિત બનશે તો દેશ પણ સ્વસ્થ બનશે

## વિજયભાઇ પટેલ - ટી.એચ.આર. અને અન્નમાંથી બનતી પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધા યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૧ ।

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, સુરત ઝોન તેમજ ડાંગ જિલ્લા પંચાયત આહવાનાં સંયુકત ઉપક્રમે આજરોજ ગુજરાત વિધાનસભા નાયબ દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલ ખાતે સુરત ઝોન કક્ષાનો ''પોષણ ઉત્સવ-૨૦૨૪'' નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આઈસીડીએસ અને આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વઘઇ ખાતે યોજાયેલ પોષણ ઉત્સવ-૨૦૨૪ માં સુરત, વલસાડ, નવસારી, ભરૂચ, તાપી, નર્મદા અને ડાંગ જિલ્લાની બહેનોએ કાર્યક્રમ સ્થળે વાનગી સ્ટોલ ઉભા કરીને વિવિધ વાનગી પ્રદર્શિત કરી હતી. જેનું નિરિક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ પ્રંસગે શ્રી વિજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ અને બાળકોના પોષણ તથા આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતા સુપોષિત બને તે માટે તેઓના રોજિંદા આહારમાં પૌષ્ટિક આહારનો ઉપયોગ કરવામાં આવે અને તેમાંથી જરૂરી કેલેરી, પ્રોટીન અને પોષકતત્વો મળી રહે તે માટે ટેક હોમ રાશન,



માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિમાં દર મહિને આપવામાં આવે છે. મિલેટસ ધાન્યો જેવા કે બાજરી, જુવાર, નાગલી, કોદરી, બંટીનો પણ આહારમાં નિયમિત ઉપયોગ કરવા ઉપસ્થિત મહિલાઓ-કિશોરીઓને જણાવ્યું હતું. બાળકો અને સગર્ભા બહેનો યોગ્ય પ્રમાણમાં પોષણયુક્ત ખોરાક આરોગે, વિવિધ દેશી વાનગીઓ ઓછી ખર્ચાળ વસ્તુઓમાંથી બનાવી બાળકોને આરોગ્યપ્રદ ખોરાક પૂરો પાડે અને ઘર આંગણે, આંગણવાડીમાં મળતું ટેક હોમ રાસન, મિલેટસ તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખોરાક નિયમિત રીતે આહારમાં ઉપયોગ કરે જેથી માતા પોષિત થશે તો બાળકો પણ પોષિત બની સ્વસ્થ રહેશે તેમ પણ તેઓએ ઉમેર્યુ હતું. આજે T.H.R માંથી બનાલેવ વાનગી અને શ્રી અન્ન માંથી બનાવેલ વાનગીઓને એક થી ત્રણ નંબર પસંદગી કરીને આપવામાં આવ્યાં છે. જે આગળ રાજ્ય કક્ષાએ ભાગ લઇ વિજેતા બને તેવી શુભેચ્છાઓ પણ શ્રી વિજયભાઇ પટેલે આપી હતી. આ પ્રંસગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન તેમજ જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી સારૂબેન વળવીએ પણ કાર્યક્રમ અનુરૂપ ઉદબોધન કરી આંગણવાડી બહેનોને પ્રોત્સાહિત કરી હતી. આ પ્રસંગે વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી બીબીબેન ચૌધરી, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ સહિત વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓ, આંગણવાડી કાર્યકર બહેનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. -

# નડિયાદ રેલવેની પશ્ચિમ બાજુની કોરોનાકાળથી બંધ ટિકિટબારી પુનઃ કાર્યાન્વિત કરવામાં આવી



। નડિયાદ, તા.૧ ।

કોરોના દરમ્યાન નડિયાદ રેલવેની પશ્ચિમ બાજુની ટિકિટ બારી બંધ કરવામાં આવી હતી. જે પુનઃ શરૂ કરવામાં આવી છે. ખેડા ડીઆરયુસીસી સભ્ય શ્રી મિતલભાઈ વ્યાસ દ્વારા ખેડાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ તથા વડોદરા મંડળની બેઠકમા આ મુદ્દે વિસ્તૃત ચર્ચા અને પરામર્શ કર્યા બાદ ઝડપથી તેને શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

જેના પગલે પંદર દિવસમાં જ તેનું અમલીકરણ કરવામાં આવ્યું છે અને તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તે ટિકિટ બારી શરૂ કરવામાં આવી હતી. જેના દ્વારા પશ્ચિમ વિસ્તારમાં રહેતા નાગરિકો, પાસ ધારકોને તેનો વિશેષ લાભ મળશે. નડિયાદ પશ્ચિમ વિસ્તારના નાગરિકો માટે છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્ને સુખદ નિરાકરણ આવતા આ વિસ્તારની જનતામાં આનંદ સાથે રાહતની લાગણી વ્યાપી છે.

# ઉચ્છલ તાલુકાના ભડભુંજા આશ્રમશાળા ખાતે આયુષ મેળો યોજાયો :૧૫૮૦ જેટલા નાગરિકોએ આયુષ મેળાનો લાભ લીધો

## જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા સહિત ધારાસભ્યશ્રી ડો. જયરામભાઇ ગામીતની ઉપસ્થિતીમાં આયુષ મેળાને ખુલ્લો જાહેર કરાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

ભડભુંજા આશ્રમશાળા ખાતેના આયુષ મેળામાં મોટી સંખ્યામાં લોકોએ પ્રદશર્નીને નિહાળી આયુર્વેદ વિશે જાણકારી મેળવી, સારવાર અને ઉપચારનો લાભ લીધો પપપપપ.. ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ તથા આયુષ કચેરી ગાંધીનગર આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત તાપી દ્વારા ઉચ્છલ તાલુકાના આશ્રમશાળા ભડભુંજા ખાતે આયુષ મેળો યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા અને મુખ્ય અતિથિ તરીકે ડો. જયરામભાઈ ગામીત ઉપસ્થિત રહી આયુષ મેળાને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, આયુર્વેદનું મહત્વ કોરોના કાળમાં સમગ્ર વિશ્વનાં લોકો સમજ્યા છે.

આયુર્વેદની તમામ દવાઓ વનસ્પતિ અને ફાળફાળાદીમાં થી મળી રહે છે. ત્યારે તેને જીવનનો એક ભાગ બનાવવાથી અનેક રોગથી બચી શકાય છે. બિમારીથી કેમ બચી શકાય તે જીવનશૈલી આયુર્વેદ જણાવે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, લોકોની જીંદગી અમુલ્ય છે તે માટે સરકાર આયુષ મેળાના માધ્યમથી આયુર્વેદને ઘર-ઘર સુધી પ્રચાર-પ્રસાર થાય તે સક્રીય રીતે કામગીરી કરી રહી છે. તેમણે લોકોને પણ આવા આયોજનોનો લાભ લેવા અપીલ કરી પ્રદર્શનમાં દર્શાવેલ માહિતીને દરેક નાગરિકને જાણવા અને આયુર્વેદ સારવાર લેવા આપીલ કરી હતી. આ સાથે મહાનુભાવોના હસ્તે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત તાપી દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલ પોષણ કીટ બાળકોને વિતરણ કરવામાં આવી હતી.

ઉપરાંત મહાનુભાવોએ પોતાના હાથે બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવ્યા હતા. આઈસીડીએસ વિભાગ દ્વારા પોષ્ટિક આહારનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.આયુર્વેદ વિભાગના વિવિધ માહિતી સભર સ્ટોલો લગાવવામાં આવ્યા હતા જેની મહાનુભાવોએ મુલાકાત લઈ વિગતે માર્ગદર્શન મેળવ્યું હતું, આ આયુષ મેળામાં આયુર્વેદના નિષ્ણાંત વૈદ્યો દ્વારા લાભાર્થીઓને પ્રકૃતિ પરિક્ષણ કરી સારવાર આપવામાં આવી હતી, જૂના સાંધા અને સ્નાયુના રોગોમાં તુરંત



લાભકારક પંચકર્મ, અગ્નિકર્મ અનેઘાંટી કર્મનું માર્ગદર્શન,ચામડી તથા કાન, નાક, ગળાના રોગો, સિકલસેલમાં હોમિયોપેથીક સારવાર, બી.પી. ડાયાબીટીસ, થાઈરોઈડ, ઓબેસીટી–સ્થુળતા જેવા લાઈફ સ્ટાઈલને લગતા રોગો તેમજ માનીસીક રોગો માટે યોગ નિષ્ણાંત દ્વારા યોગ માર્ગદર્શન, વૃધ્ધાવસ્થાજન્ય રોગોની વિશેષ સારવાર, રસોડાના ઔષધો તથા ઘરગથ્થુ ઉપચાર, લીલી વનસ્પતિઓ વિશે નિષ્ણાંત તબીબો દ્વારા માર્ગદર્શન, આયુષની જીવન પધ્ધતિ અપનાવવા બાબતે દિનચર્યા-ઋતુચર્યા વગેરેનું ચાર્ટ પ્રદર્શન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નોધનિય છે કે, ઉચ્છલ તાલુકાના ભડ્ભુંજા ખાતે આયોજીત આ આયુષ મેળામાં કૂલ- ૧૫૮૦ નાગરિકોઓ વિવિધ સારવાર અને ઉપચારનો લાભ લીધો હતો.

જેમાં આયુર્વેદ ઓપીડીના કુલ ૨૮૫ લાભાર્થીઓ, હોમિયોપેથી નિદાન સારવારમાં ૧૨૨, અગ્નિકર્મ-ઘંટીયંત્ર કર્મમાં-૫૨, સુવર્ણપ્રાશનમાં-૧૪૨, અમૃત પાનક-૩૭૫ લાભાર્થીઓ તથા ઔષધિય પ્રદર્શનના ૪૨૨ લાભાર્થીઓ અને સ્વસ્થવૃત શિબિરના ૧૮૨ લાભાર્થીઓ મળી કૂલ ૧૫૮૦ જાહેરજનતાએ આયુષ મેળાનો લાભ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી વૈદ્ય જયશ્રી ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. આયુષમેળામાં જિલ્લા પંચાયત સભ્યશ્રી કુસુમબેન વસાવા, ઉચ્છલ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન પાડવી, તાલુકા પંચાયત સભ્યશ્રી યાકુબ ગામીત સહિત અન્ય મહાનુભાવો, આયુર્વેદીક ડોકટરોની ટીમ, મેડીકલ સ્ટાફ, આંગણવાડીની બહેનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને આગણવાડીનાં ભૂલકાઓ,આશ્રમ શાળા ભડભુંજાના શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહી આયુષ મેળાનો લાભ લીધો હતો.

# કપરાડા તાલુકામાં આઈસીડીએસ દ્વારા પૂર્ણા ૨.૦ અંતર્ગત કિશોરી મેળો યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત સરકારના મજબુત નેતૃત્વ હેઠળ મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક આઈસીડીએસ ખાતે ચાલતી યોજના પૂર્ણા ૨.૦ અંતર્ગત તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ કપરાડા ખાતે ''કિશોરી મેળો પૂર્ણાની વાત વાલી સાથે''ની ઉજવણી કરવામાં આવી હતી. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી કપરાડા ૨ હસુમતીબેન દીવા દ્વારા પૂર્ણા યોજના ૨.૦ અંતર્ગત કિશોરી મેળાના આયોજન વિશે માહિતગાર કરી હાજર તમામને કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરી કાર્યક્રમને ખુલ્લો મૂકાયો હતો. અતિથિ વિશેષ તરીકે તાલુકા પંચાયત કપરાડાના પ્રમુખ હીરાબેન માહલા, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર મહિલા અને બાળ અધિકારીશ્રી શ્વેતાબેન દેસાઇ, જિલ્લા પંચાયત સભ્ય ધાયત્રીબેન, કપરાડા ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. કિશોરી મેળામાં કિશોરીઓને આત્મનિર્ભર બનવા, સારું સ્વાસ્થ્ય જાળવવા, શિક્ષિત થવા અને ત્યારબાદ જ પુખ્તવયે લગ્ન કરવા, ફાસ્ટફુડ અને ઠંડા પીણાનો ઉપયોગ ન કરવા ખાસ અપીલ કરવામાં આવી. પૂર્ણા યોજનાના મુખ્ય હેતુઓ જેવા કે, કુપોષણનું નિવારણ, એનિમિયાનું પ્રમાણ ઘટાડવું, જીવન જરૂરી આવડત કેળવવી, કિશોરીનો શાળા પુનઃપ્રવેશ વિશે વિસ્તૃતમાં માહિતી આપી. આ સાથે સ્વઓળખ, નિર્ણય લેવાની ક્ષમતા,



જાહેર સેવાની ઓળખ, જીવન કૌશલ્ય વર્ધન, આરોગ્ય-પોષણ, માતા મૃત્યુદર, બાળ મૃત્યુદર, નાની ઉંમરે સગર્ભાવસ્થાના કારણે સર્જાતી શારિરીક, માનસિક અને આર્થિક મુશ્કેલીઓ, જાતિય શિક્ષણ, કિશોરાવસ્થા દરમિયાન પોષણની જરૂરિયાત અને તેની સામે ખોરાકની અયોગ્ય આદતો વગેરે વિશે કિશોરીઓ અને વાલીગણ સાથે દ્વિ-તરફી સંવાદ કરી ચર્ચા કરવામાં આવી હતી.. તેમજ આઈસીડીએસ અંતર્ગત કિશોરીઓને મળતા ટેક હોમ રાશન, આઈએફએ ટેબ્લેટ વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. કિશોરીઓ માટે રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામ વિતરણ તથા સ્પર્ધામાં ભાગ લીધેલ કિશોરીઓ સહિત કિશોરી મેળામાં હાજર રહેલ તમામ કિશોરીઓને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવેલ હતા. આ ઉપરાંત તમામ કિશોરીઓના વજન-ઉંચાઈ અને એચબીની તપાસ કરવામાં આવેલ હતી.

# આગની દુર્ઘટનામાં નુકસાનગ્રસ્ત શિવશક્તિ માર્કેટની મુલાકાત લેતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી



। સુરત, તા.૧ ।

સુરત શહેરના રિંગરોડ સ્થિત શિવશક્તિ માર્કેટમાં લાગેલી વિકરાળ આગ પર ફાયરબ્રિગેડના જવાનોએ કલાકોની જહેમત બાદ કાબુ મેળવ્યો હતો. આજે સાંજે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ શિવશક્તિ માર્કેટની મુલાકાત લઈને અસરગ્રસ્ત વેપારીઓને મળ્યા હતા, આ તકે તેમણે વેપારીઓને સાંત્વના આપી ફરીથી પગભર થવા માટે સરકાર દ્વારા શક્ય તમામ મદદ કરવાની હૈયાધારણા આપી હતી. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ 'નુકસાન થયું છે, પણ હિંમત ન હારવા'નો વેપારીઓને અનુરોધ કરી કહ્યું કે, સકારાત્મક વિચારો સાથે મુશ્કેલીઓનો સામનો કરી આગળ વધવાનું છે. સરકાર વેપારીઓની પડખે હોવાનું જણાવી આ મુશ્કેલ સમયમાં સમગ્ર તંત્ર, ફોસ્ટા અને સુરત મહાનગરપાલિકા નુકસાનીનો સર્વે, ઈન્સ્યોરન્સ ક્લેઈમ, બળેલા માલસામાનને ખસેડવા સહિતની અન્ય જરૂરી વ્યવસ્થા માટે સહયોગી બનશે એવું મંત્રીશ્રીએ આશ્વાસન આપ્યું હતું. તેમણે પોલીસ અને ફાયરના જવાનો દ્વારા કરવામાં આવેલી અગ્નિશમનની કામગીરીને બિરદાવી હતી

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમને મિત્રો સહકાર આપશે જેથી તમને ખૂબ ખુશી મળશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

### મિથુન (ક,છ,ઘ) :

આજે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે. તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે.

### કર્ક (ડ,હ) :

આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે. તમારે એ સમજવું જોઈએ કે આ માત્ર સમયનો વેડફાટ છે. આનાથી તમને કોઈ લાભ થવાનો નથી. તમારી ટેવ બદલવી એમાં જ સાર છે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

### કન્યા (પ,ઠ,ણ) :

આજે તમારે શાંતિથી બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલી સર્જાશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે કઈ પણ કરો તેમ થોડી ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

### વૃશ્ચિક (ન,ય) :

આજે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

### મકર (ખ,જ) :

આજે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે.

### કુંભ (ગ,શ,સ) :

આજે તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે. તમે રાત્રે પ્રેમી સાથે કલાકો સુધી ફોન પર વાત કરી શકો છો. આ રાશિ ના લોકો ને આજ ના દિવસે પોતાના માટે ખુબ સમય મળશે?

## દરિયામાં અચાનક ભડ ભડ હોડી સળગવા લાગી

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧ ।

બોટમાં આગની માહિતી મળતા જ નેવીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.બોટમાં સવાર તમામ ૧૮ લોકોને ભારતીય કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળ દ્વારા સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના અક્ષી અલીબાગમાં દરિયાકાંઠે ૬-૭ નોટિકલ માઈલ દૂર રાકેશ ગણ નામના વ્યક્તિની ફિશિંગ બોટમાં આગ લાગી હતી. આ ઘટના શુક્રવારે સવારે ૪ વાગ્યે બની હતી. બોટમાં આગની માહિતી મળતા જ નેવીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.બોટમાં સવાર તમામ ૧૮ લોકોને ભારતીય કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળ દ્વારા સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. ICGS સાવિત્રીબાઈ ફૂલે, મુંબઈના દરિયાકાંઠે પેટ્રોલિંગ કરી રહ્યા હતા, તેમણે IFBમાં 190 Prongs LT 21 સ્થાન પર આગ જોવી. વીડિયોમાં જોઈ શકાય છે કે આગએ બોટને સંપૂર્ણ રીતે લપેટમાં લીધી છે. હોડી એક બાજુથી નમેલી છે. તે જ સમયે, ભારતીય નૌકાદળના અધિકારીઓ બોટમાં સવાર માછીમારોને બચાવવામાં લાગેલા છે.

## પત્નીના ત્રાસથી કંટાળીને પતિએ ફાંસી લગાવી

। (એજન્સી) આગ્રા, તા.૧ ।

ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં એક કંપનીના ભરતી મેનેજર માનવ શર્માએ આત્મહત્યા કરી લીધી. માનવે ફાંસી લગાવીને આત્મહત્યા કરી અને મરતા પહેલા તેનો લાઈવ વીડિયો રેકોર્ડ કર્યો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે. આ વીડિયોમાં તેણે પોતાના મૃત્યુ માટે તેની પત્નીને જવાબદાર ઠેરવી હતી અને પુરુષો માટે કાયદો બનાવવાની માંગ પણ કરી હતી. મૃતક માનવ શર્મા આગ્રાના ડિફેન્સ કોલોનીમાં રહેતો હતો અને એક પ્રતિષ્ઠિત IT કંપનીમાં મેનેજર તરીકે કામ કરતો હતો. તેના પિતાના જણાવ્યા મુજબ માનવના લગ્ન ગયા વર્ષે થયા હતા અને તે નોકરીને કારણે તેની પત્ની સાથે મુંબઈમાં રહેતો હતો. જોકે લગ્નના થોડા મહિના પછી જ બંને વચ્ચે વિવાદો શરૂ થઈ ગયા. તેની પત્ની વારંવાર ઝઘડો કરતી અને પરિવાર સામે ખોટા કેસ દાખલ કરવાની ધમકી આપતી. પિતાનો આરોપ છે કે માનવની પત્નીનું કોઈ બીજા સાથે અફેર હતું અને જ્યારે માનવને આ વાતની ખબર પડી ત્યારે તેની માનસિક સ્થિતિ બગડવા લાગી. ફેબ્રુઆરી ૨૦૨૫ ના અંતમાં માનવ તેની પત્ની સાથે મુંબઈથી આગ્રા પાછો ફર્યો, પરંતુ તે તરત જ તેના માતાપિતાના ઘરે ગઈ હતી. આ પછી માનવ પર માનસિક તણાવ વધુ વધ્યો હતો. માનવના પિતા કહે છે કે તેની પુત્રવધૂના માતા-પિતાએ પણ તેને ધમકી આપી હતી, જેના કારણે તે વધુ નારાજ થયો હતો.




કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ૪૯મા નાગરિક હિસાબ દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા હતાં.

### વિરાટ કોહલીની આ ૩૦૦મી વનડે મેચ હશે

## IND vs NZ મેચ પહેલા રાહુલે કર્યા વિરાટ કોહલીના વખાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ન્યૂઝીલેન્ડ સામે ચેમ્પિયન્સ ટ્રોફીની છેલ્લી ગ્રુપ મેચ પહેલા કેએલ રાહુલ પ્રેસ કોન્ફરન્સમાં આવ્યો હતો. આ દરમિયાન તેણે વિરાટ કોહલીના ખૂબ વખાણ કર્યા. તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે, મોહમ્મદ શમી અને રોહિત શર્માની ફિટનેસ અંગે કોઈ સમસ્યા નથી. ભારત અને ન્યૂઝીલેન્ડ પહેલા જ સેમિફાઈનલમાં એન્ટ્રી કરી ચૂકી છે. પરંતુ આ મેચ નક્કી કરશે કે ભારત અને ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલમાં કઈ ટીમ સાથે ટકરાશે. આ મેચ એટલા માટે પણ ખાસ છે કારણ કે, વિરાટ કોહલીની આ ૩૦૦મી વનડે મેચ હશે. વિરાટ કોહલી એલીટ લિસ્ટમાં સામેલ થઈ જશે, જેઓ ૩૦૦ વનડે મેચ રમ્યા છે. તે ૩૦૦ વનડે મેચ રમનાર ૭મો ભારતીય હશે. તેના પહેલા સચિન તેંડુલકર, એમએસ ધોની, રાહુલ દ્રવિડ, મોહમ્મદ અઝહરુદ્દીન, સૌરવ ગાંગુલી અને યુવરાજ સિંહ આ લિસ્ટમાં સામેલ થઈ ચૂક્યા છે. વિરાટ કોહલીની ૩૦૦મી વનડે મેચ રમવા અંગે કેએલ રાહુલે શુક્રવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, તે ઘણી બધી વનડે અને ઘણી બધી આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂક્યો છે. મારો મતલબ છે કે, તે કેટલો સારો ખેલાડી રહ્યો છે અને ટીમ ઈન્ડિયાનો કેટલો મહાન સેવક રહ્યો છે તેનું વર્ણન કરવા માટે શબ્દો ઓછા પડશે. મને ખૂબ ખુશી છે કે વિરાટ કોહલીએ છેલ્લી મેચમાં પણ ૧૦૦ રન બનાવ્યા અને તે ખરેખર સારી બેટિંગ કરી રહ્યો છે.

## શ્રેયા ઘોષાલનું X એકાઉન્ટ હેક, સિંગરે ઈન્સ્ટાગ્રામ પર ફેન્સને કરી અપીલ

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

બોલિવૂડની પ્રખ્યાત પ્લેબેક સિંગર શ્રેયા ઘોષાલના ચાહકો તેમના અવાજના દિવાના છે. તેણે પોતાની કારકિર્દીમાં ઘણા અદ્ભુત ગીતો ગાયા છે અને તે પોતાના મ્યુઝિકલ કોન્સર્ટ્સથી લોકોના દિલ જીતી લે છે. હવે તેની સાથે જોડાયેલા એક સમાચાર સામે આવ્યા છે. શ્રેયા ઘોષાલનું X એકાઉન્ટ હેક થઈ ગયું છે. સિંગરે પોતે આ માહિતી આપી છે. શ્રેયા ઘોષાલે ૧ માર્ચે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર માહિતી આપી હતી કે તેનું X એકાઉન્ટ હેક થઈ ગયું છે. તેણે પોતાની પોસ્ટમાં ચાહકોને ચેતવણી આપતા લખ્યું કે હેલો ફેન્સ અને મિત્રો, મારું ટ્વિટર/એક્સ એકાઉન્ટ ૧૩ ફેબ્રુઆરીથી હેક થયું છે. મેં X ટીમનો સંપર્ક કરવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, પરંતુ કેટલાક ઓટોમેટિક જનરેટ થયેલા રિસ્પોન્સ સિવાય કોઈ રિસ્પોન્સ મળ્યો નથી. હું મારું એકાઉન્ટ ડિલીટ પણ કરી શકતી નથી કારણ કે હું હવે તેમાં લોગ ઈન કરી શકતી નથી. તેણે આગળ લખ્યું છે, કૃપા કરીને કોઈપણ લિંક પર ક્લિક કરશો નહીં અથવા તે એકાઉન્ટમાંથી લખાયેલા કોઈપણ મેસેજ પર વિશ્વાસ કરશો નહીં. આ બધી સ્પામ અને ફિશિંગ લિંક્સ છે, જો એકાઉન્ટ રિકવર થઈ જશે અને સુરક્ષિત થઈ જશે તો હું વ્યક્તિગત રીતે એક વીડિયો દ્વારા અપડેટ કરીશ. હાલમાં શ્રેયા ઘોષાલ સિંગિંગ રિયાલિટી શો ઈન્ડિયન આઈડલ ૧૫ માં જજ તરીકે જોવા મળી રહી છે.

### કોર્ટે સ્પષ્ટતા કરી કે જીએસટી કાયદો બંધારણની કલમ ૨૪૬-એ હેઠળ આવે છે

## કસ્ટમ અને જીએસટી અધિકારીઓને ધરપકડનો સંપૂર્ણ અધિકાર : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે કસ્ટમ્સ એક્ટ અને જીએસટી એક્ટ હેઠળ અધિકૃત અધિકારીઓને ધરપકડના અધિકારને સમર્થન આપ્યું છે. કોર્ટે તેની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની બેન્ચે સ્વીકાર્યું કે જીએસટીના અસરકારક સંગ્રહ અને કરચોરી અટકાવવા માટે આ જોગવાઈઓ જરૂરી છે.કોર્ટે સ્પષ્ટતા કરી કે જીએસટી કાયદો બંધારણની કલમ ૨૪૬-એ હેઠળ આવે છે, અને કર વસૂલાત માટે ધરપકડ, સમન્સ અને કાર્યવાહીની સત્તાઓ મહત્વપૂર્ણ છે. કોર્ટે કહ્યું કે કલમ ૨૪૬-એ હેઠળ, સંસદ અને રાજ્ય વિધાનસભાઓને જીએસટી સંબંધિત કાયદા બનાવવાનો વિશિષ્ટ અધિકાર છે.કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કસ્ટમ અધિકારીઓ પોલીસ અધિકારીઓ નથી, જેમ કે સુપ્રીમ કોર્ટે અગાઉ સ્પષ્ટતા કરી છે. કોર્ટે કસ્ટમ્સ એક્ટના સુધારા અને જોગવાઈઓ સામેના પડકારોને પણ ફગાવી દીધા, અને કહ્યું કે કાયદાકીય ફેરફારો સાથેની આ જોગવાઈઓ દેશના કાયદા સાથે સુસંગત છે અને ગેરકાયદેસર ધરપકડ ટાળવા માટે પૂરતા રક્ષણાત્મક પગલાં ધરાવે છે.જામીનપાત્ર, અને બિન-જામીનપાત્ર, કોગ્નિઝેબલ અને નોન-કોગ્નિઝેબલ કેસોમાં ધરપકડના કારણો જણાવતા કસ્ટમ્સ એક્ટનો ઉલ્લેખ કરીને, કોર્ટે કહ્યું કે ધરપકડને વાજબી ઠેરવતી વખતે 'રીઝન ટુ બીલીવ' સ્પષ્ટપણે જણાવવું આવશ્યક છે.ચીફ જસ્ટિસ ખન્નાએ એમ પણ કહ્યું કે જો કોઈ કાયદાનું ઉલ્લંઘન કરે છે અને કરદાતાઓને ધમકાવવા, બળજબરી કરવાનો અથવા દબાણ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે, તો આવા કિસ્સાઓમાં કરદાતાઓ કોર્ટનો સંપર્ક કરી શકે છે. કોર્ટે એમ પણ કહ્યું કે આવા કિસ્સાઓમાં, તેમના દ્વારા જમા કરાયેલ ટેક્સ પણ પરત કરવામાં આવશે.આંકડાઓ પર નજર નાખતા, કોર્ટે કહ્યું કે તે દર્શાવે છે કે ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા સામાન્ય રીતે સેંકડો કે તેથી વધુ હોય છે. કર માંગ અને વસૂલવામાં આવેલા કર સંબંધિત આંકડા, હકીકતમાં, અરજદારોની દલીલને સ્પષ્ટ કરે છે કે કરદાતાઓને ધરપકડ ન થાય તે માટે શરત તરીકે કર ચૂકવવાની ફરજ પાડવામાં આવે છે.

## પાકિસ્તાનમાં પોલિયોના કેસો વધારો, ૨૦૨૫માં બે મહિનામાં જ પાંચ કેસ નોંધાયા

### ૨૦૨૪માં પોલિયોના ૭૪ કેસ નોંધાયા હતા, દૂરના વિસ્તારોમાં નોંધાયેલ કેસો હોઈ શકે

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૧ ।

૨૦૨૪માં પાકિસ્તાનમાં પોલિયોના ૭૪ કેસ નોંધાયા છે. આ પૈકી ૨૭ બલુચીસ્તાનમાં, ખૈબરપુખ્તાનમાં ૨૨, સિંધ ૨૩, ૧-૧ પંજાબ અને ઈસ્લામાબાદમાં નોંધાયા છે. જ્યારે ૨૦૨૫ના પહેલા જ બે મહિનામાં પોલિયોના ૫ કેસ નોંધાયા છે.ફેબ્રુઆરીની ૨જી તારીખે કવેટામાં સરકારી તંત્ર પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. કારણ કે તેઓએ તેમનાં બાળકોને પોલિયોની રસી આપવા દેવાની ના કહી હતી.

આ અંગે જાણવા મળ્યું છે કે, તે ના કહેનારાઓને એવો વહેમ છે કે આ રસીથી નપુંસકતા આવે છે. આથી આસિસ્ટન્ટ કમિશનર મારીયા શા મૌન, વેકિસન આપ નારાઓની ટુકડી તથા રક્ષકો સાથે જે માતા-પિતાએ રસી અપાવવાની ના કહી હતી તેવા અન્ય ૧૫ માતા-પિતાને મળ્યા હતા અને તેઓને સમજાવી રસી અપાવી હતી. આમ છતાં પાંચ માતા-પિતા તેવા હતાં કે તેઓ માન્યા જ નહીં તેથી તેમની અટકાયત કરાઈ હતી.વ્હુ (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) જણાવે છે કે પોલિયો ઘણો ચેપી રોગ છે.

તેનું વાયરસ શ્વાસ દ્વારા પણ ફેલાઈ શકે છે. એક જ વાહનમાં પાસે પાસે બેઠેલી વ્યક્તિઓમાં પણ પ્રસરી શકે. (જો એકને તે વાયરસ લાગ્યું હોય તો) તે ખોરાક દ્વારા આંતરડામાં પહોંચી શકે તેથી તાવ આવે, થાક લાગે, માથુ દુઃખે, ઉલ્ટીઓ થાય, હાથ-પગ સજ્જડ બનતા જાય, ડોકના હલન-ચલનમાં મુશ્કેલી પડે. આ ચેપ પાણી અને ખોરાક દ્વારા પણ પ્રસરી શકે. તેની સૌથી વધુ અસર પગ ઉપર થાય છે. તે રોગનો ભોગ મોટે ભાગે બાળકો જ બને છે. આથી ૫-૧૦ ટકાનાં મૃત્યુ પણ થાય છે. કારણ કે લકવાની ફેફસાં ઉપર અસર થાય છે. વિશેષતઃ (લગભગ મુખ્યતઃ) પાંચ વર્ષ કે તેથી નીચેની વયનાં બાળકોને તે ઝડપથી ઝડપી લે છે.મુશ્કેલી તે છે કે આ રોગની કોઈ દવા જ નથી. તેથી તે પહેલેથી જ અટકાવવો પડે તેમ છે. તેમાં પાકિસ્તાનમાં માતા-પિતા સહકાર આપતા નથી તે મુશ્કેલી છે તેમ વ્હુ જણાવે છે.

### મહિલાની દરેક વાત સાચી ન માનવી : હાઈકોર્ટ

## જાતીય સતામણીના કેસમાં પુરુષોને ફસાવવાનો ટ્રેન્ડ

। (એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૧ ।

કેરળ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં કહ્યું કે ફોજદારી કેસોમાં, ખાસ કરીને જાતીય સતામણીના કેસમાં ફરિયાદી દ્વારા આપવામાં આવેલ દરેક નિવેદન સાચું છે તેવું માની લેવું ખોટું છે. કોર્ટે આમ પણ કહ્યું કે વર્તમાન સમયમાં જાતીય સતામણીના કેસમાં પુરુષોને ફસાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જસ્ટિસ પીવી કુન્હીકૃષ્ણને એક મહિલા કર્મચારી દ્વારા જાતીય સતામણીના આરોપોનોસામનોકરીરહેલાએકપુરુષનેઆગોતરાજામીન આપતી વખતે આ વાત કહી હતી. કોર્ટે કહ્યું કે, આ કેસમાં પોલીસે આરોપીની એ ફરિયાદની તપાસ ન કરી જેમાં તેમણે કહ્યું હતું કે, નોકરી પરથી કાઢી મૂક્યા બાદ મહિલાએ તેને ગાળો આપી હતી અને ધમકીઓ આપી હતી. કોર્ટે કહ્યું કે, એક ફોજદારી કેસની તપાસનો અર્થ માત્ર ફરિયાદીના પક્ષની તપાસ જ નથી, પરંતુ આરોપી ના કેસની પણ તપાસ થવી જોઈએ. ફરિયાદી એક મહિલા હોવાને કારણે એવું માનવું યોગ્ય નથી કે તેનું દરેક નિવેદન સાચું જ છે. પોલીસ માત્ર મહિલાના નિવેદનના આધારે કાર્યવાહી ન કરી શકે. આરોપીના કેસની પણ ગંભીરતાથી તપાસ થવી જોઈએ. કોર્ટે એમ પણ કહ્યું કે, હાલમાં તો મહિલાઓ દ્વારા પુરુષો પર જાતીય સતામણીના આરોપો જૂઠા હોવા છતાં પણ તેમને ફસાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જો પોલીસ તપાસમાં એ સામે આવે કે, મહિલાઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપ જૂઠા હતા તો પોલીસ ફરિયાદી વિરુદ્ધ પણ કાર્યવાહી કરી શકે છે. આવું કાયદો પણ કહે છે. કોર્ટે કહ્યું કે, જો કોઈ વ્યક્તિને જૂઠા આરોપોમાં ફસાવવામાં આવે તો તેમનું નામ, સમાજમાં પ્રતિષ્ઠા અને સ્ટેટસને નુકસાન થઈ શકે છે. માત્ર પૈસાના વળતરથી તેને પાછું મેળવી ન કરી શકાય. કોર્ટે પોલીસ અધિકારીઓને સત્યની તપાસમાં સતર્ક અને સટીક રહેવાની સલાહ આપી, જેથી આવા ગુનાહિત કેસની તપાસ દરમિયાન કોઈ નિર્દોષ વ્યક્તિને નુકસાન ન થાય. તમને જણાવી દઈએ કે, મહિલાએ આરોપ લગાવ્યો હતો કે કંપનીના મેનેજરે જાતીય હેતુથી મારો હાથ પકડ્યો હતો.

**વિશેષ**

### ધોળાવીરાની પ્રાચીન નગર રચના, સભ્યતા તથા જળ સંરક્ષણસહિતની વિગતો જાણી રાષ્ટ્રપતિશ્રી અભિભૂત થયાં

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી







। (માહિતી) ગાંધીનગર ।

ભારતનાં માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ કચ્છ જિલ્લાની મુલાકાત દરમિયાન આજે ખડીર બેટ સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટની મુલાકાત લઈને પ્રાચીન માનવ સભ્યતાના તબક્કાવાર વિકાસ તેમજ શ્રેષ્ઠ નગર આયોજન વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી. રાષ્ટ્રપતિશ્રીને ભારતીય પુરાતત્વ વિભાગના ડાયરેક્ટર જનરલશ્રી યદુબીરસિંઘ રાવતે વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા વિશે વિસ્તૃત જાણકારી આપીને પ્રાચીન માનવ સભ્યતા વિશે અવગત કર્યા હતા. રાષ્ટ્રપતિશ્રીએ મુલાકાત દરમિયાન હડપ્પન સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદ્ભુત વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી. આ તકે પ્રાચીન મણકા બનાવવાની ફેક્ટરી, સુઆયોજિત પગથિયાંવાળી વાવ, અપર ટાઉન, મિડલ ટાઉન અને લોઅર ટાઉન વગેરે જોઈને તેઓ અભિભૂત થયા હતા. ભારતીય પુરાતત્વ મંત્રાલય દ્વારા ધોળાવીરા સાઈટના ઉત્ખનન દરમિયાન મળેલા વિવિધ પાસાઓ, માટીના વાસણો- અવશેષો, તાંબાની વિવિધ વસ્તુઓ, તોલમાપની વસ્તુઓ, પથ્થરના આભૂષણોનું નિદર્શન રાષ્ટ્રપતિશ્રીસમક્ષકરવામાંઆવ્યુંહતું. મુલાકાતનાઅંતમાં રાષ્ટ્રપતિશ્રીએ ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઈટના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ તકે ઉપસ્થિત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા કચ્છના પ્રભારી મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા, કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરા, પૂર્વ કચ્છ એસ.પી. શ્રી સાગર બાગમાર અને ભારતીય પુરાતત્વ વિભાગના રાજકોટ સર્કલના અધિક્ષકશ્રી ગુંજન શ્રીવાસ્તવ સાથે જોડાયા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## હાઈવે ઉપર આવેલી ૧૮૩ હોટલોમાં તોલમાપ તંત્રના દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

સમગ્ર રાજ્યમાં નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશરૂપે આજે રાજ્યના અલગ-અલગ હાઈવે પર આવેલી હોટલોની આકસ્મિક ચકાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન તોલમાપ તંત્રના નાયબ નિયંત્રક/મદદનીશ નિયંત્રક તેમજ ઈન્સ્પેક્ટરો દ્વારા રાજ્યના હાઈવે પર આવેલ હોટલો ખાતે તંત્રના કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા કુલ ૧૮૩ જેટલી હોટલો સામે કાયદેસરની કાર્યવાહી કરીને અંદાજે કુલ રૂ.૪,૬૩,૦૦૦/- જેટલો દંડ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ કાર્યવાહી હાલમાં ચાલુ છે. આ દરોડામાં તપાસણી દરમિયાન હોટલોમાં પેકેજ ચીજ વસ્તુ અને ઠંડા પીણામાં એમ.આર.પી.થી વધુ ભાવ લેવા, જથ્થામાં ઓછું આપવું, વજનકાંટો ન રાખવો.

## યુવક પર તેની પૂર્વ મંગેતરે જ જીવલેણ હુમલો કર્યો હોવાનું સામે આવ્યું

। (એજન્સી) અમદાવાદ,તા.૧ ।

અમદાવાદ શહેરમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. શહેરમાં એક ટુ-વ્હીલર ચાલકને કારમાં સવાર એક મહિલાએ અડફેટે લીધો હતો. વાત માત્ર આટલેથી નથી પૂરી થતી. કારણ કે યુવકને અડફેટે લીધા બાદ તે યુવતીએ કારમાંથી નીચે ઉતરીને તેની ઉપર ઉપરા છાપરી છરીના ઘા પણ કર્યા હતા. બાદમાં યુવતી ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. આ આખી ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે ટુ-વ્હીલર પર સવાર યુવકને યુવતીએ અડફેટે લીધો હતો. આ બનાવને લઈને હાલ શહેરમાં ચર્ચા મચી જવા પામી છે. સાથે જ લોકો પણ વિચારમાં મુકાઈ ગયા છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, અમદાવાદના શેલામાં રહેતા અને ઓટોમેશનનો ધંધો કરતા યુવક પર ૨૫મી ફેબ્રુઆરીએ હુમલો થયો હતો.

## કચ્છમાં ચારો ચરી રહેલા ગૌવંશ ઉપર ભૂમાફિયાઓ દ્વારા એસિડ ફેંકાયો

। (એજન્સી) ભુજ, તા.૧ ।

કચ્છમાં ગૌચર જમીન ઉપર ચારો ચરી રહેલા ગૌવંશ ઉપર ભૂમાફિયાઓ દ્વારા એસિડ ફેંકવાની ઘટનાને પગલે ચોતરફ આક્રોશ ફેલાયો છે. જોકે, સ્થાનિક નાગરિકોએ તત્કાળ આ અંગે પગલાં લઈને એક નંદીને સારવાર માટે મોકલી આપ્યો હતો. કચ્છ જીલ્લામાં ગૌચર જમીનો ચરાતી જાય છે ભૂમાફિયાઓ દ્વારા ઠેકઠેકાણે દબાણો બેખૌફ બેરોકટોક બિંદાસ પણે અને મની મસલ સાથે માયાના તવાયફી ઠુમકાઓ તળે સબંધિત તંત્ર દબાતું જાય છે અને જે અવાજ ઉઠાવે એને તેરી ભી ચૂપ ઔર મેરી ભી ચૂપ કરી દેવામાં આવે છે. દીવા તળે અંધારા જેવા કામો કરવામાં આવે દર મહિને ચારથી પાંચ આસપાસ ગૌવંશો ઉપર એસીડ ફેંકવાના બનાવો અને કુહાડીના રીતસરના ક્રુરતાપૂર્વક નરાધમી નિષ્ઠુરી કૃર્તો એટલાં જ પ્રમાણે કલયુગની માનવતા મરી પરવારી છે.

# ઝાલોદ તાલુકા સંકલન સમિતિની બેઠકઃ ઝાલોદ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને ૯ જેટલા લોક પ્રશ્નોના નિવારણ અંગે ચર્ચા કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ તાલુકા સંકલન સમિતિની બેઠક ઝાલોદ પ્રાંત અધિકારી એ કે ભાટિયાની અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં ઝાલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના રસ્તા, વિજ જોડાણ, વન વિભાગ, આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, મહેસુલ, પાણી પુરવઠા અને ખેતીવાડી સહિતના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આજે ઝાલોદ મામલતદાર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં ૯ જેટલા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી જેમાંથી જે તે વિભાગનાં અધિકારીઓને ઉકેલ લાવવા માટે સુચના આપી હતી. ઝાલોદ સંકલન સમિતિની બેઠકમાં ઝાલોદ ૧૩૦ વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, ફતેપુરા ૧૨૯ વિધાનસભાનાં ધારાસભ્ય રમેશભાઈ કટારા, તાલુકા પંચાયત પ્રમુખ સુમિત્રાબેન વસૈયા, ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, તાલુકા શિક્ષણ અધિકારી, ATDO, નાયબ મામલતદાર, એમજીવીસીના નાયબ કાર્યપાલક ઈજનેર, બાંધકામ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર, આરએફઓ, પીઆઈ, પીએસઆઈ, તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિક કક્ષાએ ૨૬ બેઠકો ખાલી

# PG મેડિકલમાં ચોથા રાઉન્ડ પછી ઓલ ઇન્ડિયામાં ૧ હજારથી વધુ બેઠક ખાલી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ અને પીજીમાં પ્રવેશ માટે ચાર રાઉન્ડ પૂરા કર્યા બાદ ઓલ ઈન્ડિયા ક્વોટાની ૧ હજારથી વધારે બેઠકો ખાલી રહી છે. ખાલી બેઠકોમાં બી.જે.મેડિકલ કોલેજની સારી ગણાતી બ્રાન્ચ સહિતની રાજ્યની અંદાજે ૩૦થી વધારે બેઠકોનો પણ સમાવેશ થાય છે. આ બેઠકો ભરવા હવે પ્રવેશની લઘુતમ લાયકાત ઘટાડીને નવેસરથી રજિસ્ટ્રેશન કરવાની જાહેરાત કરાઈ છે. એમ.ડી. અને એમ.એસ.માં પ્રવેશ માટે સ્થાનિક કક્ષાએ ચોથા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા પછી હાલમાં ૧૧ બેઠકો ખાલી પડી છે. જેની સામે ૧૫ બેઠકો નોન-રિપોર્ટિંગ થઈ છે. આમ, રાજ્યમાં હવે માત્ર ૨૬ બેઠકો ખાલી પડી છે. જેની સામે ઓલ ઈન્ડિયા ક્વોટામાં ૨૫૬૧ બેઠકો પર ચોથા રાઉન્ડમાં પ્રવેશ કાર્યવાહી કર્યા બાદ હાલમાં એક હજાર જેટલી બેઠકો ખાલી પડી છે. સૂત્રો કહે છે કે, ખાલી પડેલી બેઠકોમાં માત્ર બી.જે.મેડિકલમાં જ ઓર્થોપેડિક, ઈ એન્ડ ટી, પેથોલોજી અને એનેટોમી સહિતની સારી ગણાતી બ્રાન્ચની બેઠકો પર ખાલી પડી છે. સામાન્ય રીતે આ પ્રકારની સારી બ્રાન્ચ ખાલી રહેતી નથી, પરંતુ ચાલુ વર્ષે મોડા પ્રવેશ સહિતના અનેક કારણોસર આ બેઠકો ખાલી પડી છે. સમગ્ર દેશની જુદી જુદી મેડિકલ કોલેજોમાં અંદાજે ૧ હજાર બેઠકો ખાલી રહી છે.

### જીરુંની ૨૦થી ૨૫ હજાર બોરીઓ આવી

# ઊંઝા ખાતે જીરુંની ચિક્કાર આવક, હોળી બાદ રાજસ્થાનની આવક શરૂ થશે

। (એજન્સી) ઊંઝા, તા.૧ ।

હવે ઉનાળાનો તડકો શરૂ થઈ ગયો છે ત્યારે ઊંઝા ખાતે જીરુંની આવક દિન પ્રતિદિન ચિક્કાર બનતી રહી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ રાજસ્થાનના જીરુની આવક હોળી બાદ શરૂ થશે. ચાલુ સપ્તાહે ઊંઝા ગંજબજારમાં જીરુંની ૨૦થી ૨૫ હજાર બોરીઓ આવી હતી. તેમાં નવા અને જૂના એમ બન્ને માલમાં ઘરાકી રહે છે. હાલમાં સૌરાષ્ટ્ર અને કચ્છથી નવો માલ આવી રહ્યો છે. જ્યારે વરિયાળીમાં પાવાગઢ સાઈડથી પણ ગ્રીન માલ આવવાનો શરૂ થઈ ગયો છે. જીરામાં સૌરાષ્ટ્ર અને કચ્છથી નવા માલની આવક ૧૮થી ૨૫ હજાર બોરી રહી હતી. જોકે આવતા સપ્તાહમાં વધીને ૩૦ હજારથી ઉપર જશે તેમ મનાય છે. એનસીડેક્સ પર વાયદો મજબૂત હોવાથી હાજરમાં પણ રૂ. ૫૦નો સુધારો જોવા મળ્યો હતો. હાલમાં નવી ઘરાકી શરૂ થઈ ગઈ છે. ત્યારે નવા હલકા માલના રૂ. ૩૯૦૦થી ૪૨૦૦, મીડિયમના રૂ. ૪૪૦૦ અને સારા માલના રૂ. ૪૫૦૦થી ૪૮૦૦ અને સુપર બોલ્ડના રૂ. ૪૯૦૦થી ૫૦૦૦ના ભાવ રહ્યા હતા. જ્યારે જૂના માલની ૨૫૦૦થી ૩૦૦૦ બોરીની આવક છે, તેના જનરલ ભાવ રૂ. ૩૯૦૦થી ૪૧૫૦ સુધીના ભાવ રહ્યા હતા. રોજીંદા ૨૦થી ૨૨ હજાર વેપાર પણ થાય છે. રાજસ્થાનના આબુરોડ અને પાવાગઢ સાઈડથી વરિયાળીમાં નવા માલની આવક થઈ રહી છે. વરિયાળીમાં દૈનિક ૬થી ૭ હજાર બોરીના વેપાર થાય છે. નવા માલના રૂ. ૩થી ૮ હજાર સુધીના ભાવ છે, જ્યારે આબુ રોડ અને પાવાગઢના ગ્રીન માલના રૂ. ૭થી ૮ હજારના ભાવ ચાલી રહ્યા છે. જૂના માલમાં પણ ઘરાકીને ટેકે ભાવમાં રૂ. ૨૫૦ સુધારો થયો છે. જૂના માલના સરેરાશ ભાવ રૂ. ૧૪૦૦થી ૨૫૦૦ સુધીના રહ્યા હતા. જોકે તેમાં હલકા અને મિડીયમ માલનો સમાવેશ થાય છે. ઈસબગૂલમાં ૨ હજારથી ૩૫૦ બોરીની આવક થાય છે. તેમજ વેપાર ૬થી ૭ હજાર બોરીના થાય છે. તેના જનરલ ભાવ રૂ. ૨૪૫૦થી ૨૯૦૦ સુધીના છે. અજમામાં ખાસ કોઈ આવક નથી.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કચ્છના ગુણાતિતપુર ખાતે પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત લીધી

। ગાંધીનગર, તા.૧ ।

કચ્છની મુલાકાતે આવેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ભચાઉના ગુણાતિતપુર ગામે પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ શેઠિયા નેચરલ ફાર્મ અને નર્સરીની મુલાકાત લીધી હતી. એક સમયે સુકો મલક ગણાતો કચ્છ વિસ્તાર હાલ ખેતી ક્ષેત્રે ખૂબ આગળ વધી રહ્યો છે. અહીંની કેરી તથા દાડમ સહિતના ફળ સરહદ વટાવી વિદેશમાં પહોંચ્યા છે. વિદેશોમાં કચ્છી ખેત પેદાશોની માંગ પણ એટલી જ છે. પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે પણ કચ્છના ખેડૂતો જાગૃત બની વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે ત્યારે કચ્છના ગુણાતિતપુર ગામે પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મની રાજ્યપાલશ્રીએ મુલાકાત લઈને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાનું અભિયાન સરકાર દ્વારા શરૂ કરાયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને 'રાષ્ટ્રીય મિશન' બનાવ્યું છે. રાજ્યપાલશ્રીએ લોકોના કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ મોડેલને અપનાવવા ખેડૂતોને અપીલ કરી હતી. આજે અનેક ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે અને તેના સારા પરિણામો મળી રહ્યા છે.

### અકસ્માતમાં ૨નાં મોત, 3 ઈજાગ્રસ્ત

# ભાવનગરના શ્રદ્ધાળુઓને લઈ જતી બસનો યુપીમાં ગમખ્વાર અકસ્માત

### ડબલ ડેકર બસ ભાઉજીપુરાના બિલ્બા પુલ પર પહોંચી હતી, ત્યારે બસના ડ્રાઇવરે બસ પરથી કાબુ ગુમાવ્યો

। (એજન્સી) ભાવનગર, તા.૧ ।

ગુજરાતના ભાવનગર જિલ્લાના શ્રદ્ધાળુઓને લઈ જતી બસનો આજે શનિવારે ઉત્તર પ્રદેશમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ભાવનગરથી રાજધાની નામની ટ્રાવેલ્સ બસમાં શ્રદ્ધાળુઓ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં ગયા હતા. જેમાં લખનઉ-દિલ્હી હાઈવે પર બરેલી નજીક અકસ્માત થયો હતો. આ ઘટનામાં ૨ વ્યક્તિના મોત નીપજ્યા હતા. જ્યારે ૩ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. મૃતકોને તાત્કાલિક ગુજરાત લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સમગ્ર બનાવને લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરવામાં આવી હતી. ગુજરાતથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના મહાકુંભ થઈને હરિદ્વાર જઈ રહેલી શ્રદ્ધાળુઓની બસને અકસ્માત નડ્યો હતો. આ ઘટનામાં ભાવનગરના આશીષ ગોહિલ, યજ્ઞેશ બારૈયા નામના વ્યક્તિના મોત નીપજ્યા હતા. જ્યારે હિતેશ આહિર નામના યુવાનની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે અને અન્ય એક યુવકની સ્થિતિ ખૂબજ નાજુક હોવાથી વેન્ટીલેટર ઉપર છે. અકસ્માતની જાણ થતાની સાથે એમ્બ્યુલન્સ અને પોલીસ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મળતી માહિતી મુજબ, ડબલ ડેકર બસ ભાઉજીપુરાના બિલ્બા પુલ પર પહોંચી હતી, ત્યારે બસના ડ્રાઈવરે બસ પરથી કાબુ ગુમાવ્યો અને બસ ટ્રેક્ટરની ટ્રોલી સાથે અથડાઈ હતી. જેના કારણે મુસાફરો ગભરાટમાં આવી ગયા હતા. જ્યારે અકસ્માતની ઘટના મામલે સી.એમ.ઓ. ઓફિસમાં વાતચીત કરીને ભાવનગરના મૃતક યુવાનોને તાત્કાલિક ગુજરાત લાવવા માટેની કવાયત હાથ ધરી છે.

# માનનીય રેલ્વે મંત્રીશ્રીએ ગુજરાતમાં ચાલી રહેલા વિવિધ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓના પ્રોજેક્ટોની પ્રગતિની સમીક્ષા કરી

। અમદાવાદ, તા.૧ ।

માનનીય રેલ્વે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ તથા માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ગુજરાતની મુલાકાત દરમિયાન અમદાવાદ, આણંદ અને દાહોદ રેલ્વે સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું તથા આ સ્થળોએ ચાલી રહેલા વિવિધ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી.





માનનીય રેલ મંત્રી શ્રી વૈષ્ણવે અમદાવાદ સ્ટેશન પહોંચીને સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને ચાલી રહેલા સ્ટેશનના પુનર્વિકાસના કાર્યો ની સમીક્ષા કરી. ત્યારબાદ, શ્રી વૈષ્ણવે મીડિયાના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. તેમણે જણાવ્યું કે આ વર્ષે ગુજરાત માટે રૂા. ૧૭,૧૫૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ૨૦૦૯-૧૪ દરમિયાનના સરેરાશ વાર્ષિક ફાળવણી કરતા ૨૯ ગણા વધુ છે. ગુજરાતમાં રેલ્વે દ્વારા કુલ રૂા.૧,૨૭,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે, જેમાં બુલેટ ટ્રેન નો પણ સમાવેશ થાય છે. અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું કે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. ડિઝાઈનને ઈન્ફ્રાસ્ટ્રકચર જરૂરિયાતો અને સ્થાનિક વારસાની કિંમતો સાથે સુમેળ સાધીને સૌંદર્ય ની દ્રષ્ટિ સાથે વિકસાવવામાં આવી છે. રેલવે પાટાઓ પર કોક્રોર્સ રૂફ પ્લાઝા બનાવવામાં આવશે, જેમાં મુસાફરો માટે વેઈટિંગ એરિયા અને અન્ય સુવિધાઓ હશે. આ પ્રોજેક્ટમાં કાલુપુર આરઓબી અને સારંગપુર આરઓબીને જોડતો એલિવેટેડ રોડ બનાવવાની યોજના છે, જે હાલના રસ્તાઓ કરતા બમણો પહોળો હશે જે નેશનલ હાઈ સ્પીડ રેલ ટર્મિનલ (બુલેટ ટ્રેન), મેટ્રો અને બસ રેપિડ ટ્રાન્સપોર્ટ (BRT) સાથે રેલ્વેને એકીકૃત કરીને વધુ સારી અને સરળ મુસાફરી પ્રદાન કરશે. જેનાથી મુસાફરી વધુ સરળ બનશે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે પુનર્વિકાસનું આયોજન આ રીતે કરવામાં આવ્યું છે કે મુસાફરોને ઓછી તકલીફ થાય અને ટ્રેનો રદ થવાની સંભાવના ઓછી રહે. ત્યારબાદ માનનીય રેલ મંત્રી આણંદ માટે રવાના થયા અને અમદાવાદ-આણંદ સેક્શનનું નિરીક્ષણ કર્યું. માનનીય રેલ્વે મંત્રી શ્રી વૈષ્ણવ આણંદ રેલ્વે સ્ટેશન પર પહોંચ્યા અને ત્યાંનું નિરીક્ષણ કર્યું. તેમણે વન સ્ટેશન વન પ્રોડક્ટ (ઓએસઓપી)સ્ટૉલની પણ મુલાકાત લીધી. મીડિયાના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરતાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે ૨૦૧૪ પછી ગુજરાતમાં ૧૦૦૦ થી વધુ રેલ ઓવર બ્રિજ (આરઓબી) અને રેલ અંડર બ્રિજ (આરયુબી ) બનાવવામાં આવ્યા છે. તદુપરાંત, ૨૦૧૪ પછી ૩,૧૪૪ કિમી રેલ્વે લાઈનોનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું છે. કવચનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. ગુજરાતમાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું કામ પૂર્ણ થયું છે. આનાથી વિસ્તારમાં પોર્ટ કનેક્ટિવિટી વધી ગઈ છે. તેઓએ વધુમાં ઉમેર્યું કે ગુજરાતમાં ૮૭ રેલ્વે સ્ટેશનોનું પુનર્વિકાસ ''અમૃત ભારત સ્ટેશન યોજના'' હેઠળ થઈ રહ્યું છે. ત્યારબાદ શ્રી વૈષ્ણવએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ટ્રેક નિર્માણ બેઝ (રેલ વેલ્ડિંગ વર્ક)ની મુલાકાત લીધી અને નિરીક્ષણ કર્યું. ત્યારબાદ, તેમણે આણંદ હાઈ સ્પીડ રેલ (એચએસઆર) સ્ટેશન પર ચાલી રહેલા કાર્યનું નિરીક્ષણ કર્યું. શ્રી વૈષ્ણવે મજૂરો સાથે વાતચીત કરી અને રાષ્ટ્ર નિર્માણ માટે તેમના યોગદાનની પ્રશંસા કરી, તેમજ તેમની સાથે સેલ્ફી પણ લીધી. રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ સાથે સંબંધિત મતવિસ્તારના માનનીય સાંસદો, ધારાસભ્યો અને લોકપ્રતિનિધિઓ પણ હાજર રહ્યા. આ પ્રસંગે પશ્ચિમ રેલ્વે, એનએચએસઆરસીએલ અને અન્ય રેલ્વે વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...